Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્માનંદ પ્રકાશ.

પુસ્તક ૯ મું. વિક્રમ સંવત્ ૧૯૬૮. ચૈત્ર. અંક ૯ મો.

## सम्यक्–प्रार्थना.

(શાર્દૂલવિક્રીડિત)

વન્દો શ્રી જીનદેવને હર ઘડી દાતા મહા જ્ઞાનના,
જેનો સ્વાદ લહી થયાં જગતમાં નેતા સદા આપણાં;
તે શ્રી આતમરામ આ અવનિમાં આનંદ વિસ્તારજો,
સાથે આ શુભ લેખના રસિકને શાન્તિસ્થિરં આપજો. ૧

## कर्मविपाक–ज्ञाव.

(ગઝલ.)

પડયે દુઃખ દીનના બનતાં, મળ્યે સુખ મોહ ના ધરતાં;
કરમ વિપાકને વશ આ, જગત જાણે મુનિ મનમાં. ૧
ભ્રૂકુટીના ઇસારામાં, ભેદાતા શૃંગ ડુંગરનાં;
કરમ પ્રતિકૂળ થાતા જ્યાં, મળે નહિં ભીખ આથડતાં. ૨
ચતુરાઇ અને કુળહીન, કરમ અનુકૂળ થાતાં દીન;
બને નર શ્રેષ્ઠ એ ક્ષણમાં, પળે આજ્ઞા દશે દિશમાં. ૩
વિષમ આ કર્મની સૃષ્ટિ, કરભના પૃષ્ઠની સરખી;
પ્રભૂતાદિ વિષમતા માં, નહિં રત હોય યોગી જ્યાં. ૪
ચડ્યાં થાં જે પ્રશમ શ્રેણી, હતાં વળી શ્રુતના જ્ઞાની;
અહો ! દૂર દૈવના યોગે, ભમ્યાં બહુ કાળ સંસારે. ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રથમ સામગ્રી સર્વે જ્યાં, રહે છે સ્થિર થાકીને;
કરમ વિપાક પહોંચે છે, થતાં એ કાર્ય સિદ્ધિને. ૬
ચરમ આવર્ત સાધુનાં, ધરમને દૂષણો દે છે;
ચરમ આવર્ત નહિં તેનાં, ધરમને તો હરિ લેછે. ૭
કરમના એ વિપાકોને, વિચારી સામ્યતા ધરજો;
ચિદાનંદ રૂપ મકરંદના, ભ્રમર ભોગી બની રેજો. ૮

(જીજ્ઞાસુ—ઉમેદવાર.)

## શ્રી શત્રુંજય મહાતીર્થની યાત્રા વિધિ.

( ગતાંક પૃષ્ટ ૨૨૨ થી શરૂ. )

### ઉકત તીર્થના સંબંધે કેટલીક પવિત્ર વસ્તુઓની ઓળખાણ અને તેમનો અદ્‌ભૂત મહિમા.

**રાજાદની (રાયણ વૃક્ષ) અને તેની નીચે રહેલાં પ્રભુનાં ચરણ.**

આ રાયણનું વૃક્ષ શ્રી રિષભદેવ ભગવાનની પાદુકાવડે પવિત્ર ગણાય છે. શ્રી **રિષભદેવ ભગવાન** અનેક વખત આવી એ **રાયણ** નીચે સમવસર્યા છે, તેથી તે પવિત્ર તીર્થની પેરે વંદનિક છે. તેનાં પત્ર, ફળ તથા શાખા ઉપર દેવતાઓના વાસ હોવાથી પ્રમાદવડે તે તોડવાં કે છેદવાં નહિં. જ્યારે કોઈ **સંઘપતિ** પૂર્ણ ભક્તિભાવથી તેની પ્રદક્ષિણા દે છે ત્યારે જો તે તેના ઉપર હર્ષથી દૂધ વર્ષાવે છે તો તે ઉભય લોકમાં સુખી થાય છે. જો તેની શુદ્ધ દ્રવ્યથી આદર સહિત પૂજા કરવામાં આવે તો તે સ્વપ્નમાં આવી સર્વ શુભાશુભ કહી દેછે. વળી તેની આદર સહિત પૂજા કરવાથી ભૂત વેતાળ શાકિની રાક્ષસ પ્રમુખનો વળગાડ હોય તે પણ જતો રહે છે અને બીજા વિકાર પણ થઇ શકતા નથી. એ ઉત્તમ વૃક્ષનાં પત્ર, પુષ્પ કે શાખાદિક સહેજે પડેલાં હોય તો તેને આદર સહિત લઈ આવી જીવની જેમ સાચવવાં. એના જળનું સિંચન કરવાથી સર્વ વિઘ્નની શાંતિ થાય છે. એ પવિત્ર વૃક્ષને સાક્ષી રાખી જે દોસ્તી બાંધે છે તે અત્ર અત્યંત સુખ અનુભવી છેવટે પરમ પદ પ્રાપ્ત કરે છે. એ રાયણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વૃક્ષથી પશ્ચિમ દિશા તરફ એક દુર્લભ રસકુંપિકા છે. જે આસ્થા સહિત અઠ્ઠમ તપનું આરાધન કરે તેવો કોઇક ભાગ્યવાન્ પુરૂષ તેના પ્રભાવથી તે રસ કુંપિકાનો રસ મેળવી શકે છે. તે રસના ગંધ માત્રથી લોહું સુવર્ણ થઇ જાય છે. એક રાજાદનીજ જો પ્રસન્ન હોય તો બીજી શાની જરૂર છે?

## શત્રુંજયા નદી.

સૌરાષ્ટ્ર (સોરઠ) દેશમાં અનંત મહિમાથી પૂર્ણ અને અનંત સુકૃતનું સ્થાન એવું શત્રુંજય નામે મહાતીર્થ છે. તેનાં દર્શન, સ્પર્શન, શ્રવણ અને સ્તવનથી પણ પાપનો લોપ થઇ જાય છે. તે ક્ષણવારમાં પ્રાણીઓને સ્વર્ગનાં અને મોક્ષનાં સુખ આપે છે. તેના જેવું ત્રણ લોકને પાવન કરનારૂં કોઇ પણ બીજું તીર્થ નથી. તે શત્રુંજય મહાતીર્થની દક્ષિણ બાજુએ પ્રભાવિક જળથી પૂર્ણ એક શત્રુંજયા નામની નદી છે. શત્રુંજય મહાતીર્થને સ્પર્શી રહેલી હોવાથી તે નદી મહા પવિત્ર છે અને ગંગા સિંધુનાં દિવ્ય જળથી પણ અધિક ફળદાયી છે. તેમાં ( વિવેકથી ) સ્નાન કરનારનું સકળ પાપ ધોવાઈ જાય છે. શત્રુંજય મહાતીર્થની તે જાણે વેણી હોય તેવી શોભે છે. વળી તે ગંગા નદીની પેરે પૂર્વ દિશા તરફ વહેનારી, અપૂર્વ સુકૃતનાં સ્થાન રૂપ, અનેક ઉત્તમ દ્રહોવડે પ્રભાવવાળી, અને અત્યંત આશ્ચર્ય ઉત્પન્ન કરતી છતી શત્રુંજયા, જાન્હવી, પુંડરિકિણી, પાપંકષા, તીર્થભૂમિ અને હંસા એવાં અનેક નામથી પ્રખ્યાત છે. તેમાં કદંબગિરિ અને પુંડરિકગિરિ નામના શિખરની મધ્યમાં 'કમળ' નામનો એક મહા પ્રભાવિક દ્રહ છે. તેના જળવડે તેની મૃત્તિકા ( માટી )નો પિંડ કરી જો નેત્ર ઉપર બાંધવામાં આવે તો 'રતાંધળાપણું" વિગેરે અનેક પ્રકારના નેત્ર વિકારનો નાશ થઇ જાય છે. વળી તે જળના પ્રભાવથી બીજા પણ ભૂત વેતાળાદિક જન્ય દોષો દૂર થઇ જાય છે. વળી તેમાં જીવની ઉત્પત્તિ થતી નથી.

## શ્રી આદીશ્વર ભગવાનનું ભવ્ય મંદિર.

જેમાં હાલ મૂળ નાયક શ્રી આદીશ્વર ભગવાન બિરાજમાન છે તે ભવ્ય મંદિર સંબંધી કુમારપાળ પ્રબંધમાં આવી હકીકત છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે એકદા કુમારપાળ રાજાના ઉદયન મંત્રી સૌરાષ્ટ્ર દેશમાં યુદ્ધ પ્રસંગે ગયા હતા, તે વખતે શ્રી આદીશ્વર ભગવાનનાં દર્શન કરવાની ઇચ્છાથી પોતે શત્રુંજય ગિરિ ઉપર ચઢયા. ત્યાં શુદ્ધ શ્રદ્ધા સહિત પ્રભુની પૂજા આરતિ પ્રમુખ કૃત્ય કરીને જ્યારે ચૈત્યવંદન કરવા બેઠા ત્યારે કોઈ એક ઉંદર દીવાની વાટ લઇ કાષ્ટમય મંદિરની ફાટમાં પેસતો હતો તેને પૂજારીઓએ વારતાં જોયો. તે જોઇ કાષ્ટમય પ્રાસાદનો નાશ થઇ જવાની સંભાવના વિગેરેથી ખેદ પામી મંત્રીશ્વર મનમાં વિચાર કરવા લાગ્યા કે મારી પાસે સારી સમૃદ્ધિ તથા અધિકાર છતાં આવા ઉત્તમ તીર્થ ઉપરનાં દેરાસરનો ઉદ્ધાર કર્યો નથી ત્યાં સુધી મારી સઘળી સંપત્તિ નિરર્થકજ છે. એમ વિચારી અભિગ્રહ લીધો કે જ્યાં સુધી આ જિનમંદિરનો જીર્ણોદ્ધાર ન થાય ત્યાં સુધી મારે બ્રહ્મચર્ય પાળવું, એકજ વખત ભોજન કરવું, ભૂમિ ઉપર સૂઈ રહેવું અને તાંબુલનો ત્યાગજ કરવો. આવી રીતનો અભિગ્રહ ધારીને પાટણ તરફ પાછા આવતાં માર્ગમાંજ મંત્રીશ્વરનું મરણ થયું. તે વખતે પોતે ગ્રહણ કરેલો અભિગ્રહ સામંતોને જણાવી કહ્યું કે આ મારો મનોરથ પૂરો કરવા મારા પુત્રને કહેવું. મંત્રીશ્વરે ગ્રહણ કરેલા અભિગ્રહ મુજબ સામંતોના કહેવાથી તેના પુત્ર વાગ્ભટ (બાહડ) મંત્રીએ શુભ મુહૂર્તે શત્રુંજય ઉપરના મુખ્ય દેરાસરના જીર્ણોદ્ધારનું કામ આરંભ્યું. લગભગ બે વર્ષે જીર્ણ કાષ્ટમય ચૈત્યના સ્થાને નવીન આરંભેલું ચૈત્ય તૈયાર થયું. તેની વધામણી લાવનારને મંત્રીએ સુવર્ણની બત્રીશ જીભો બક્ષીસ આપી. એવામાં બીજા કોઇ પુરૂષે આવી તે ચૈત્યમાં ફાટ પડયાનું જણાવ્યું તેને મંત્રીએ સુવર્ણની ચોસઠ જીભો આપી. કોઇએ તેનું કારણ પૂછવાથી મંત્રીએ જણાવ્યું કે અમારા જીવતાં તેમ થયું તે ઠીકજ થયું. કેમકે અમે જાતેજ તેનો ફરી ઉદ્ધાર કરાવશું. પછી તે ફાટ પડવાનું કારણ શોધી કઢાવીને માંહે રાખવામાં આવેલી ભમતી મજબૂત પાષાણો વડે પૂરાવી નાંખી. ત્રણે વર્ષે જીર્ણોદ્ધારનું કામ પૂર્ણ થયું. એ શુભ કાર્યમાં મંત્રીએ લગભગ ત્રણ ક્રોડ દ્રવ્યનો વ્યય કર્યો વિક્રમ સંવત ૧૨૧૧ (કવચિત્ ૧૨૧૩) માં શ્રી હેમચંદ્ર આચાર્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમક્ષ મહોત્સવ સહિત ઉક્ત ચૈત્ય ઉપર સુવર્ણમય દંડ, કળશ, અને ધ્વજ ચઢાવ્યાં. ત્યારબાદ બીજા ઉદ્ધાર કરનારાઓએ મૂળ દેવળ ફરીને બંધાવ્યું જણાતું નથી, એ ઉપરથી મૂળ નાયકજીનું વર્તમાન ભવ્ય દેરાસર બાહડ મંત્રીશ્વરનું કરાવેલું સિદ્ધ થાય છે. દેરાસરનો ઓસાર જોતાં પણ પ્રથમ રાખેલી ભમતી પૂરી નાંખેલી હોય એમ અનુમાન થઈ શકે છે.

## સુર્યોદ્યાન તથા તેમાં આવેલો સૂર્યાવર્ત અથવા સૂર્યકુંડ.

શ્રી શત્રુંજય ગિરિની પૂર્વ દિશામાં સૂર્યોદ્યાન નામનું અતિ અદ્ભૂત નંદન વન સરખું ઉદ્યાન છે.આ ઉદ્યાનમાં સર્વ કાર્યમાં ઉપયોગી એવી અનેક દિવ્ય ઔષધીઓ થાય છે. તેમાં સૂર્યાવર્ત નામનો કુંડ નિર્મળ જળથી ભરેલો છે. તે સર્વ રોગ સંબંધી પીડાનો નાશ કરે છે. એ સૂર્યકુંડના જળના એક બિંદુ માત્રથી અઢાર પ્રકારના કોઢ દૂર થઇ જાય છે. **ચંદ્રચૂડ** નામનો વિદ્યાધર પોતાની પ્રિયા સાથે ચૈત્રી પૂર્ણિમાની યાત્રા કરીને વિમાનમાં બેસી જતો હતો ત્યાં શત્રુંજય ગિરિની નજદીકમાં આ મનોહર ઉદ્યાન જોઇ પોતાની પ્રિયાની પ્રેરણાથી વિમાન નીચે ઉતારી ઉદ્યાનમાં તથા તેમાં આવેલા સૂર્યાવર્ત કુંડમાં યથેચ્છ ક્રીડા કરી પાછાં નિવર્તતાં તે કુંડનું પ્રભાવિક નિર્મળ જળ સાથે લઈ વિમાનમાં બેસી ચાલ્યાં. માર્ગમાં ચાલતાં નીચે દૃષ્ટિ નાખતાં **મહીપાળ** રાજાની ચતુરંગી સેના તેમના જોવામાં આવી. ચારે તરફ ઘણાં માણસોથી વીંટાયેલા રોગાર્ત્ત **મહીપાળ કુમારને** જોઇ કરૂણા લાવી વિદ્યાધર પ્રત્યે તેની પ્રિયાએ કહ્યું કે આપની આજ્ઞા હોય તો આપણી સાથે રાખેલું સૂર્યાવર્ત કુંડનું જળ આ અતિ રોગાર્ત્ત ઉપર સિંચું. વિદ્યાધરની અનુમતિથી તેણીએ મહીપાળ કુમાર ઉપર તે પ્રભાવિક જળના બિંદુઓ ક્ષેપવ્યા કે તરતજ તેનું શરીર રોગ રહિત—નીરોગી બની ગયું. જેમ તાપથી કરમાઇ ગયેલું વૃક્ષ વર્ષાયોગે નવપલ્લવ થઇ જાય છે તેમ તે પ્રભાવિક જળનાં પ્રયોગથી મહીપાળનું શરીર પણ નવપલ્લવ થયું. કુષ્ટાદિક રોગ માત્ર દૂર થવાથી તેનું શરીર દિવ્ય કાંતિવાળું બન્યું. અદ્યાપિ પણ તેનો મહિમા સુપ્રસિદ્ધ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ચિલ્લણ તલાવડી.

જ્યારે **સંઘપતિ** શ્રી **ભરતેશ્વર** શ્રી સંઘ સહિત શ્રી**નાભ** ગણધરને આગળ કરીને શ્રી શત્રુંજય મહાતીર્થની યાત્રાર્થે ઉપર ચઢયા ત્યારે ભરત મહારાજા ઉત્તર તરફના માર્ગે ચઢતા હતા અને બીજા સર્વે પોતપોતાની શક્તિ મુજબ જૂદે જૂદે રસ્તે કૌતક વડે ચઢતા હતા. શ્રી સુધર્મા ગણધરના શિષ્ય શ્રી **ચિલ્લણ** નામના તપસ્વી મુનિ અનેક યાત્રિક લોકોથી વિંટાઇને પશ્ચિમ માર્ગ તરફથી ચઢતા હતા. ઉપર ચઢતાં ચઢતાં આગળ જતાં યાત્રિક લોકોને અત્યંત તૃષા લાગવાથી તેમણે ચિલ્લણ મુનિને પ્રાર્થના કરી કે મહારાજ! તૃષાવડે અમારાં પ્રાણ ચાલ્યાં જાયછે. આ વાત સાંભળવાથી ચિલ્લણ મુનિએ કૃપાવડે તેમને પોતાનું જળપાત્ર બતાવ્યું. ત્યારે તેમણે કહ્યું કે આટલા જળપાત્રથી અમારા સહુની તૃષા શાંત થઈ શકશે નહિ માટે આપ અમારી ઉપર કૃપા કરી લબ્ધિવડે એટલું જળ બતાવો કે સહુની તૃપ્તિ થઇ શકે. સંઘના લોકોની એ પ્રકારની વિનંતિથી ચિલ્લણ મુનિએ પોતાની પાસેના પ્રાશુક ( અચેત ) જળનું ક્ષેપન કરવાથી તપોલબ્ધિવડે એક સુંદર સરોવર બનાવ્યું. તે જળથી સંઘલોકો પોતાની તૃષા શાંત કરીને સ્વસ્થ થયા અને ચિલ્લણ મુનિએ તેનું નિર્માણ કર્યાથી તેનું ચિલ્લણ સરોવર એવું નામ પ્રખ્યાત થયું. તે સરોવરનું જળ ઘણું પવિત્ર ગણાય છે.

## તાલધ્વજ ગિરિ ઉપર સાચા દેવ.

પ્રથમ શત્રુંજય મહા તીર્થે યાત્રાવિધિનાપ્રસંગે જણાવેલા **ઢંકાદિક** પાંચ કૂટોપૈકી **તાલધ્વજ** તલાજા બંદરની નજદીકમાં આવેલ છે. આ ગિરિવરમાંઅનેક વિશાળ ગુફાઓ આવેલી છે, તેમાં પણ કેટલીક ગુફાઓ તો બહુજ ભવ્ય દેખાવવાળી અને જેમાં સંખ્યાબંધ માણસો શમાઇશકેતેવી છે. પ્રથમ તેમાં મહાત્મા પુરૂષો ધ્યાનારૂઢ થઇ રહેતા હશે એમ અનુમાન થાય છે. ગુફાઓના મુખ ભાગમાં નિર્મળ જળવાળાં ટાંકાં રહેલાં છે. અત્યારે તે વધારે વપરાશમાં આવતાં નથી. આ ગિરિરાજના પરિસરમાં તાલધ્વજી નામની મોટી નદી આવેલી છે. તેનો થોડેક દૂર શત્રુંજયી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નદી સાથે સંગમ થાય છે અને તે બંને નદીઓ પૂર્વ દિશામાં સમુદ્રને જઈ મળે છે. આ ગિરિરાજ ઉંચાણમાં બહુ વધારે નથી. થોડેક ઉંચે ચઢતાં **સાચાદેવની** ટૂંક આવે છે. લોકો તેમને સુમતિનાથના નામથી ઓળખે છે પરંતુ પ્રભુનું લંછન જોતાં તે કુંથુનાથજી સંભવે છે. મૂળ નાયકના દેરાસર ફરતી કેટલીક દિવ્ય પ્રતિમા યુક્ત દેરીઓ આવેલી છે. થોડાંક વર્ષ પહેલાં નીચે ગામમાંથી પાર્શ્વનાથ ભગવાનની મોટી પ્રતિમા નીકળી આવેલ છે તે હાલમાં ગામના મંદિરમાં બિરાજે છે. ભરત મહારાજા પણ અત્ર પધાર્યા હતા, તેમણે અહીં પ્રભુપ્રાસાદ નિપજાવ્યો હતો, અને તાલધ્વજ યક્ષને અહીંનો અધિષ્ઠાયક સ્થાપ્યો હતો. આ સ્થળ ખરેખર રમણિક છે અને ગિરિરાજની છેક ઉપર આવેલા ચઉમુખના દેરાસર પાસેથી કુદરતી દેખાવ અત્યંત ભવ્ય જણાય છે,જે દેખવાથી આત્માર્થી જનોને કઇક સદ્વિચારો સ્ફુરે છે અને વૈરાગ્યની વૃદ્ધિ થાય છે. તેથી શત્રુંજય તીર્થની નજદીકમાં આવેલ આ તીર્થ પણ ભાવથી ભેટવા લાયકજ છે. નિવૃત્તિના અર્થી જનોને તે વધારે માફક આવે એમ છે. વળી ગામમાં ઉતરવા વિગેરેની પણ સોઇ સારી છે.

## મહુવા (મધુમતિ નગરી) માં મહાવીર સ્વામી.

શ્રી શત્રુંજય તીર્થની યાત્રા કરી કેટલાક ભાવિક જાત્રિક ભાઈ બ્હેનો તાલધ્વજ ગિરિને ભેટી પછી મહુવામાં બિરાજમાન **મહાવીર** સ્વામીની જાત્રા કરવા જાય છે. લોકોમાં આ 'જીવિત સ્વામી'ની પ્રતિમા તરીકે ઓળખાય છે. જેમણે શત્રુંજય તીર્થ ઉપર તેરમો ઉદ્ધાર શ્રી વજ્રસ્વામીની સહાયથી વિ. સં. ૧૦૮માં કરાવ્યો છે તે જાવડશા આ મધુમતીમાં થયેલા છે. ઇતીહાસ ઉપરથી જણાય છે કે જાવડશા શેઠને આ મધુમતી નગરી ઇનામમાં મળેલી હતી. પછી પ્રાપ્ત થયેલા અનર્ગળ ધનનો વ્યય કરીને પોતે તેરમો ઉદ્ધાર કરાવ્યો હતો. હાલમાં ભાવનગરના મોટા દેરાસરમાં બિરાજમાન મૂળ નાયક શ્રી રિષભદેવ ભગવાનની પ્રતિમા તેરમા ઉદ્ધારની છે એમ એક સ્તવન ઉપરથી જણાય છે. આકૃતિ ઉપરથી પણ આ પ્રભુ પ્રતિમા પુરાતની સમજાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## રૈવતાચળ (ગિરિનાર) ઉપર નેમિનાથ ભગવાન.

પહેલાં ગિરનારજી ઉપર શ્રી નેમિનાથ ભગવાનની લેપમયી પ્રતિમા હતી. એકદા '**રતનો**' નામે સંઘપતિ સંઘ સાથે યાત્રાર્થે આવેલા હતા. સંઘસહિત શ્રીનેમિનાથને અભિષેક કરતાં તે લેપમયી પ્રતિમા ગળી ગઇ તેથી સંઘપતિ 'રતનો' બહુજ દિલગીર થયા. આવી રીતે થયેલી આશાતના ટાળવા પૂર્વક તીર્થ ભક્તિના લાભ ભવ્ય જના કાયમ લહી શકે એવી મતલબથી સંઘપતિ શાસન દેવી શ્રી **અંબિકાનું** સ્મરણ કરી (એકાગ્ર ચિત્તથી) આહાર પાણીના ત્યાગ કરી બેઠા. તેના દૃઢ નિશ્ચયથી છેવટે અંબિકાએ તુષ્ટમાન થઇ તેને કંચન ગુફામાં લઇ જઇ વજ્રરત્નમયી શ્રી નેમિનાથ ભગવાનની પ્રતિમા મૂળ નાયક તરીકે સ્થાપવા માટે આપી. તે પ્રભુ પ્રતિમા પ્રથમ અનેક ઇંદ્રાએ પૂજેલી છે અને કાલાદિદોષથી તેની કોઈ હલકા લોકો આશાતના ન કરે એવી બુદ્ધિથી તે રત્નમયી પ્રતિમાનું મૂળ તેજ દેવ માયા વડે સંહરી લીધું છે તોપણ તેના પ્રભાવ તા જેવા ને તેવોજ વર્તે છે. તેમજ ભવિષ્યત્ કાળમાં પણ વર્તશે, તેથી તે પ્રભુની પ્રાચીન પ્રતિમા અતિ આદરથી પૂજવા–ભેટવા લાયક છે. રતન શેઠ શ્રી નેમિનાથ ભગવાનના શાસનમાં થયેલા સમજવા અને આ પ્રભુ પ્રતિમા, પહેલાં બ્રહ્મેન્દ્રે પોતાનું ભાવિકલ્યાણ શ્રી નેમિનાથ મહારાજનાજ સાંનિધ્યથી થવાનું ગઈ ચોવિશીના ત્રીજા સાગર નામના તીર્થંકર મહારાજના અમોઘ વચનથી જાણીને અત્યંત હર્ષ સહિત બનાવી છે. ત્યાર બાદ તે અનેક ઇંદ્રાદિક વડે આદર સહિત પૂજાઇ છે, અને વળી ભવિષ્યકાળમાં પણ સારી રીતે પૂજાતી રહેશે. હાલમાં વિદ્યમાન વિશાળ મંદિર સિદ્ધરાજ જયસિંહના વખતમાં મંત્રીશ્વરે કરાવેલું ગણાય છે.

## ચંદ્રપ્રભાસ તીર્થ (પ્રભાસપાટણ)

શ્રી નેમિનાથ ભગવાનની યાત્રા કરી ભાવિક યાત્રાળુઓ પ્રભાસપાટણ યાત્રાર્થે જાયછે. આ પણ પ્રાચીન તીર્થ છે. પહેલાં અહીં ચંદ્રપ્રભુજી પધારી કાઉસ્સગ્ગ મુદ્રાએ રહેલા ત્યારે સમુદ્રના અધિષ્ઠાયક દેવે પ્રભુની અદ્ભુત ભક્તિ કરી હતી. આ સ્થળ ચંદ્રપ્રભુના પવિત્ર ચરણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારથી વધારે પ્રસિદ્ધિને પામેલું છે. પ્રથમ અહીં ધરણેન્દ્રે ચંદ્ર-પ્રભુનો મહા નિર્મળ પ્રાસાદ કરાવ્યો હતો, તેમજ **સીતા** (રામ-પત્ની) એ પણ નવીન પ્રાસાદ કરાવી તેમાં ચંદ્રપ્રભુને સ્થાપિત કર્યા હતા.

## અજારાપાર્શ્વનાથ(અજયપુર મંડન.)

**રત્નસાગર** નામે એક મહાન્ શ્રેષ્ઠિ વિવિધ કિરિયાણાથી વહાણ ભરીને જતો હતો. ત્યાં એકાએક ભારે તોફાન લાગ્યુ. પ્રાણ પણ બચવાં મુશ્કેલ જણાયાં. તેવામાં તેણે આકાશવાણી સાંભળીકે "હે ભદ્ર! તું મુઝાઈશ નહીં. આ બધું મેં કર્યું છે. હું પદ્માવતી છું. આ સમુદ્રમાં કલ્પવૃક્ષના સંપુટમાં રહેલી ભાવી ભગવાન શ્રીપાર્શ્વનાથજીની મૂર્તિ છે. એ પ્રભાવિક પ્રતિમાને ધરણેંદ્રાદિકે ઘણો વખત પૂજેલી છે. હમણા **અજયરાજા**ના પુન્યથી તે પ્રતિમા અહીં આવેલી છે. તેને સમુદ્રમાંથી બહાર કાઢીને **અજય** રાજા(જે રઘુપુત્ર હમણાં દિગ્-વિજય કરીને **દીવબંદરમાં** આવી રહેલો છે) તેને અર્પણ કરજે. તે પ્રભાવિક પ્રભુ પ્રતિમાના દર્શન કરતાંજ તેના ૧૦૭ રોગ તત્કાળ નાશ પામી જશે." આ પ્રમાણે આકાશ વાણી સાંભળીને તેણે તત્કાળ નાવિકોને સમુદ્રમાં ઉતારી તે ઉત્તમ પ્રતિમા કઢાવી લીધી. એટલે સઘળું તોફાન શાંત થઈ ગયું અને વહાણ અનુકૂળ પવને દીવ બંદરે આવી પહોંચ્યું. રાજાને તત્કાળ કોઈએ જઈ વધામણી આપી એટલે તે અશ્વારૂઢ થઇને સામો આવ્યો. પ્રતિમા યુક્ત સંપુટને કિનારે ઉતાર્યો. મોટા આડંબરથી તેને નગર પ્રવેશ કરાવી રાજાએ રત્નજડિત સિંહાસન ઉપર સ્થાપિત કરી તેને આદર સહિત પૂજા કરી ઉઘાડયો તો તેમાં શ્રીપાર્શ્વનાથ સ્વામીની અદ્ભૂત પ્રતિમા જોવામાં આવી. જોતાં વેતજ હર્ષભર રાજાએ પ્રભુને પંચાંગ પ્રણામ કર્યો, એટલે આનંદ અમૃત શરીરમાં સંચરતાં તેનો રોગ તત્કાળ દૂર થઇ ગયો. પછી રાજા રત્નસાગરની સાથે ભક્તિથી પ્રભુની પૂજા કરી સુખે રાજ્ય ભોગવવા લાગ્યો. પછી **અજય** નામનું નવું નગર વસાવી તેમાં પાર્શ્વનાથનો એક ઉત્તમ પ્રાસાદ કરાવી પ્રભુને બિરાજમાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્યો અને પોતે ત્યાં જઇ ત્રિકાળ પૂજા કરવા લાગ્યો. તેમજ તેના કાયમ નિર્વાહાર્થે તેણે દશ ગામ સહિત તે નગર અર્પણ કર્યું. તે પવિત્ર બિંબ અત્યારે **અજારાપાર્શ્વનાથ**ના નામથી ઓળખાય છે. એ અતિ પ્રાચીન પ્રભુપ્રતિમાના દર્શનનો અદ્ભૂત લાભ લેવા ઇચ્છનાર ધારે તો થોડા પ્રયાસે લઇ શકે એમ છે. આ પવિત્ર અને પુરાતન તીર્થ સ્થળની પાસે ઉન્નતપુર (ઉના) અને **દીવ બંદર**માં પણ દર્શન કરવા લાયક જૂનાં જિન બિંબો છે. તે સ્થળે સુપ્રસિદ્ધ **આચાર્ય** શ્રીહીરસૂરિજી પધારેલા છે. તેમનો સ્વર્ગવાસ પણ ઉનામાં થયેલો હોવાથી ત્યાં બગીચામાં તેમનો સ્તુભ પણ બનેલો છે. વિશાળ બગીચો જિન મંદિરોના નિર્વાહાર્થે બાદશાહ તરફથી ઇનામ મળેલો ગણાય છે. તે સ્તૂભ પણ દર્શનીય છે. ભવ્યાત્માઓએ પ્રસંગોપાત જણાવેલી ઉપરની સઘળી હકીકત લક્ષમાં રાખી જેમ સ્વપરના હિતમાં અભિવૃદ્ધિ થાય તેમ પ્રવર્તી સ્વમાનવ ભવની સફળતા કરી લેવી ઉચિત છે.

## અર્બૂદાચળ ( આબૂગઢ ) ઉપર શ્રી આદિનાથ તથા નેમિનાથ ભગવાન.

શ્રી આબૂ (દેલવાડા ) ગઢ ઉપર **વિમળશા** મંત્રીશ્વરે તથા **વસ્તુપાળે** અને **તેજપાળે** ક્રોડો ગમે દ્રવ્યનો વ્યય કરીને ભવ્ય દેરાસરો બંધાવ્યાં છે. તેમાં એવા પ્રકારની ઉત્તમ કોરણી કરવામાં આવેલી છે કે દુનીયામાં અત્યારે કોઇ પણ તેની હોડ કરી શકે તેમ નથી. પાશ્ચિમાત્ય લોકો પણ એકે અવાજે તેની તારીફ કરેછે. ઉકત સ્થળ દ્રવ્યથી અને ભાવથી નિવૃત્તિજનક છે.

## તારંગા ( તારણ ગિરિ ) ઉપર શ્રી અજિતનાથ સ્વામી.

આં ગિરિ ઉપર શ્રી **કુમારપાળ** ભૂપાળનો બનાવેલો અતિ ઉત્તંગ અને અદ્ભૂત પ્રાસાદ છે. તેમાં એવા પ્રકારનું કાષ્ટ વાપરવામાં આવેલું કહેવાય છે કે તે અગ્નિ સંયોગે બળવાને બદલે તેમાંથી પાણી છૂટેછે. તેમાં શ્રી **અજિતનાથ** પ્રભુની અતિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનોહર શાંત મુદ્રા બિરાજે છે. આ ઉત્તમ પ્રાસાદની આસપાસ ચોમેર ઘણા ઉંચા અને મહિમા વાળા પહાડો છે, તેમાં એક સ્થળે કોટિ શિલ્લા છે, જ્યાં એક ક્રોડ મુનિવરોએ અનશન આરાધેલું કહેવાયછે. યાત્રાળુઓને ઉતરવા વગેરેની સોઇ અહીં બહુ સારી છે.

પંચાસરા પાર્શ્વનાથ (અણહિલપુર પાટણ બિરાજમાન).

શીલગુણસૂરિ પાસે કેળવાયેલા વનરાજ ચાવડાની રાજધાનીનું શહેર પંચાસર હતું. તેમાં જિનપ્રાસાદ બંધાવી બિરાજમાન કરેલા પાર્શ્વનાથ ભગવાન પંચાસરા કહેવાય છે. કાળદોષથી પંચાસર હાલ પડી ભાંગ્યું છે. અને પંચાસરાજીને કુમારપાળ રાજાના પાય તખ્ત શહેર પાટણમાં બિરાજમાન કરવામાં આવ્યાછે. ત્યાં સાથે વનરાજની પણ મૂર્તિ છે, એ ઉપરાંત સકળ કલ્યાણક ભૂમિઓ તથા ગઇ ચોવિશીમાં થયેલા દામોદર નામના તીર્થંકર ભગવાનના સમયમાં અષાઢી શ્રાવકે ભરાવેલી શ્રીશંખેશ્વર સ્વામીની અતિ અદ્ભૂત પ્રતિમા તથા પ્રતિ વાસુદેવ રાવણના વખતમાં ભરાવેલી અંતરક્ષસ્વામીની પ્રતિમા તથા જેના સ્નાત્રાભિષેક જળથી શ્રીપાળ પ્રમુખનો કોઢ રોગ નષ્ટ થયો હતો. તે રિષભદેવ ( કેશરીયાજી ) તથા સ્થંભન પાર્શ્વનાથ પ્રમુખની પ્રાચીન અને પ્રભાવિક પ્રતિમાઓ પ્રેમ સહિત વંદન પૂજન કરવા લાયક છે. ઇતિશમ્.

# આત્મજ્ઞાનનો સરલ—શુદ્ધ માર્ગ.

( ગતાંક ૬ ઠ્ઠા પૃષ્ટ ૧૬૫ થી શરૂ )

## વાર્ત્તક મુનિની કથા.

વાર્ત્તક નામના નગરને વિષે અભયસેન નામે રાજા હતો. તેને સદ્બુદ્ધિના ભંડાર રૂપ વાર્ત્તક નામનો મંત્રી હતો.

એક વખતે તે મંત્રી પોતાના ઘરના દીવાનખાનામાં બેઠો હતો, તેવામાં કોઇ પરગામથી મીજમાન આવ્યો. મંત્રી તેને માન આપી તેની સાથે વાર્તાલાપ કરવા લાગ્યો, તેવામાં ધર્મઘોષ નામના મુનિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેને ઘેર ભિક્ષા લેવાને આવ્યા. મુનિને ભિક્ષા માટે આવેલા જાણી વાર્ત્તકની સ્ત્રી ઘી, ખાંડથી મિશ્રિત એવું એક ક્ષીરનું પાત્ર ભરી તેમને વ્હોરાવા આવી. તે વખતે પાત્રમાંથી એક બિંદુ ભૂમિ ઉપર પડયો. તે મુનિના જોવામાં આવ્યો. તે મહાત્મા ભગવંતે ઉપદેશ કરેલા ભિક્ષાગ્રહણના વિધિને જાણનારા હતા. ભિક્ષા બેંતાલીશ દોષોથી દૂષિત ન હોવી જોઈએ, એમ તેઓ સમજતા હતા. આથી તે પડેલો બિંદુ જોઈ તેમના મનમાં સ્ફુરી આવ્યું કે, "આ ભિક્ષા છર્દિત નામના દોષથી દૂષિત છે, તેથી આ ભિક્ષા મારે કલ્પે નહીં." આવું વિચારી તે મહાત્મા તે ભિક્ષા ગ્રહણ કર્યા વગર તે ઘરમાંથી બાહેર નીકળી ગયા. ચતુર મંત્રી વાર્ત્તક કે જે ઘરના દીવાનખાનામાં બેઠો હતો, તેણે મુનિને ભિક્ષા લીધા વગર પાછા જતાં જોયા. તે જોતાંજ તે મનમાં ચિંતવવા લાગ્યો કે, આ મુનિએ મારા ઘરની ભિક્ષા કેમ લીધી નહીં ? જેવામાં તેણે આ પ્રમાણે જોયું, ત્યાં આંગણામાં ઘી સાથે મિશ્રિત ખાંડનો બિંદુ જોવામાં આવ્યો. તે ઉપર માંખીઓ એકઠી થઇ. તે માંખીઓને ભક્ષણ કરવાને ગરોળી દોડી. તે ગરોળીનું ભક્ષણ કરવા ઉંદર દોડયો ઉંદરને મારવા માટે બિલાડી દોડી આવી. બિલાડીને હણવા માટે પેલા આવેલા મીજમાનનો કુતરો દોડયો તેને મારવાને આડોશી પાડોશીના કુતરા દોડયા. તે કુતરાઓને પરસ્પર લડાઇ થઇ એટલે પોતપોતાના કુતરાઓને વારવાને તે મીજમાનના અને આડોશી પાડોશીના તથા મંત્રીના સેવકો દોડી આવ્યા પોતપોતાના કુતરાને પક્ષ કરતાં તેમની વચ્ચે પરસ્પર લડાઇ સળગી ઉઠી. પછી વાર્ત્તક મંત્રીએ એ સર્વના યુદ્ધને શાંત કરી દીધું. પછી તેણે પોતાના મનમાં વિચાર્યું કે "એક ઘી ખાંડનો બિંદુ ભૂમિ ઉપર પડવાથી આટલી બધી મારામારી થઈ પડી, તેથીજ તે મહા મુનિએ "આ દૂષિત ભિક્ષા ગ્રહણ કરી નહીં. તે મહાત્માએ વિચાર્યું હશે કે જો હું આ દૂષિત ભિક્ષા લઇશ તો મને મોટા પાપનો ભાગ લાગી જશે. કારણ કે, આમાંથી પાપનો પ્રસંગ ઉત્પન્ન થયા વિના રહેશે નહીં." આ પ્રમાણે વિચાર કરી દૂષિત ભિક્ષા ગ્રહણ કરી નહિં. તે પછી વાર્ત્તક મંત્રીએ નીચે પ્રમાણે જૈન ધર્મની પ્રશંસા કરી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" અહો ! ભગવાન જિનેશ્વરનો સુદષ્ટિવાળો ધર્મ કેવો છે ! વીતરાગ ભગવાન્ વિના આવો પાપરહિત ધર્મનો ઉપદેશ દેવાને કોણ સમર્થ છે ? માટે મારે પણ હવે વીતરાગપ્રભુના ધર્મને ત્રિકરણ શુદ્ધિથી સેવવો. એ વીતરાગભગવાનજ મારે સેવવા યોગ્ય છે અને તે મણે કહેલી ક્રિયાજ પાળવી ઉચિત છે. " આ પ્રમાણે ચિંતવી તે-મંત્રી આ સંસાર ઉપરથી વિમુખ થઇ ગયો. તેનામાં શુભ ધ્યાનનો યોગ પ્રગટ થયો. તત્કાલ તેને જાતિસ્મરણ જ્ઞાન થઇઆવ્યું. તે વખતે દેવતાઓએ તેને મુનિવેશ અર્પણ કર્યો. પછી મંત્રી વાર્ત્તકે ગૃહનો ત્યાગ કરી શુદ્ધ અનગાર થઇ બીજે સ્થલે વિહાર કર્યો. અનુક્રમે ચિર-કાલ સંયમ પાળતાં તેને કેવલજ્ઞાન પ્રાપ્ત થયું. પછી તે વાર્ત્તક નગરને વિષેજ દેહ ત્યાગ કરી મોક્ષે ગયો.

તે મંત્રિનો સુબુદ્ધિ નામે પુત્ર હતો. પિતાના સ્નેહે કરીને તેનું હૃદય પુરાઈ ગયું. પછી તે પિતૃવત્સલ પુત્ર એક રમણીય દેરાસર ક-રાવી તેમાં રજોહરણ તથા મુહપત્તીરૂપ પરિગ્રહને ધરનારી પિતાની પ્રતિમા રચાવી સ્થાપિત કરી. અને તેની પાસે એક દાનશાળા ઉઘાડી, આ સાધર્મિક ચૈત્ય કહેવાય છે. એ રીતે ચૈત્યના પાંચ ભેદ કહેલા છે.

ઉપર કહેલા ચૈત્યના ભેદોમાં ભક્તિકૃત વગેરે ચાર પ્રકારના ચૈત્યોની અંદર કૃત્રિમપણું છે, તેથી તેમાં ન્યૂનાધિક ભાવનો સંભવ હોય છે; માટે તેમની સંખ્યાનો નિયમ નથી. એટલે જે કૃત્રિમ જિન-ભુવન છે, તેને શ્રાવકો ભકિતને અર્થે કરે છે. તે અશાશ્વતા જિનભુ-વન કહેવાય છે. તે જિનભુવનો કાંઈક વધારે અને કાંઈક ઓછાં હોય છે, તેથી તેમની સંખ્યાનો નિયમ હોઈ શકતો નથી. અને જે શાશ્વ-તા જિન ચૈત્યો છે, તેમનું નિત્યપણું છે; માટે તેમની સંખ્યા હોઈ શકે છે. તે કારણ માટે આ ત્રિભુવનને વિષે શાશ્વતજિન સંબંધી દેવ-કુળના બિંબોની સંખ્યા ચૈત્યવંદનની અંતર્ગત રહેલ ' કમ્મભૂમિ ' ઇત્યાદિ ગાથાને અનુસારે આઠ ક્રોડ ત્રેપનલાખ સતાણું હજાર ચાર-શેંહ ને છાસી ચૈત્યો, તેમજ નવસેં પચીશ ક્રોડ ત્રેપનલાખ અઠયા-વીસહજાર ચારસો અઠયાસી જીનબિંબો ત્રણલોકમાં છે. તેમજ બીજે અન્ય સ્થળે ગ્રંથોમાં બતાવેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વળી એ પ્રમાણે ત્રણ લોકને વિષે રહેલા શાશ્વત જૈન ચૈત્યોની અને જીનબિંબોની સંખ્યા મેળવવાને માટે "सत्ताण वईसहस्सा" ઇત્યાદિ બે ગાથાઓ પણ કહેલી છે અને તે ઉપરથી સર્વ સંખ્યા પ્રાપ્ત કરાય છે. અહીંઆ ચૈત્યો અને જિનબિંબોના અવિસંવાદી સ્થાનોને આશ્રીને આ સંખ્યા દેખાડી છે. કેટલાએક આચાર્ય વિસંવાદી સ્થાનોને આશ્રીને આંતરારહિત કહેલી સંખ્યાની અપેક્ષાએ ચૈત્ય અને બિંબોની સંખ્યા વધારે પણ પ્રતિપાદન કરે છે. તે વિષે સંઘાચાર નામની ચૈત્યવંદન ભાષ્યની ટીકામાં જોઇ લેવું.

હવે અવિસંવાદી તથા વિસંવાદિ બંને સ્થાનકને આશ્રીને ત્રિભુવનને વિષે રહેલા શાશ્વત જિનચૈત્યોનું પ્રમાણ દર્શાવે છે. બારદેવલોક, નવગ્રૈવેયક, પાંચ અનુત્તર અને નંદીશ્વર, કુંડલ તથા રૂચક નામના દ્વીપોને વિષે રહેલા જીન ચૈત્યો બોંતેર યોજન ઊંચા એકસો યોજન લાંબા અને પચાસ યોજન પોહોળાછે. કૂલગિરિ, દેવકુરૂ, ઉત્તર કુરૂ, મેરૂવન, ગજદંતપર્વત, વખારા પર્વત, ઇષુકાર પર્વત, માનુષોત્તર અને અસુરકુમારાદિ દશ નિકાયને વિષે રહેલા ચૈત્યો છત્રીશ યોજન ઊંચા, પચાસ યોજન લાંબા અને પચાસ યોજન પોંહોલા છે. દીર્ઘ વૈતાઢય, મેરૂની ચૂલિકા, કાંચનગિરિ, મહા નદીઓ, કુંડો, જંબૂ પ્રમુખ વૃક્ષો, વૈતાઢય, દ્રહો, યમલ પર્વતો, અને કરિકૂટ ગિરિઓને વિષે રહેલા ચૈત્યો ચૌદશેં ચુંમાલીશ ધનુષ ઊંચા, એક ગાઉ લાંબા અને અર્ધ ગાઉ પોહોલાછે. રાજધાની, વ્યંતર દેવતાનાં નગરો, અને જ્યોતિષ્ક વિમાનોને વિષે રહેલા ચૈત્યો નવ યોજન ઊંચા, સાડાબાર યોજન લાંબા અને સવાછ યોજન પોહોલા છે. ઈત્યાદિ સર્વ સદ્દબુદ્ધિવંત પુરૂષોએ વિચારી લેવું.

જે નંદીશ્વર, રૂચક અને કુંડલ એ ત્રણ દ્વીપોને સ્થાને રહેલા સાઠ ચૈત્યોને ચાર ચાર દ્વાર છે અને તે શિવાયના સર્વ શાશ્વત ચૈત્યોને ત્રણ ત્રણ દ્વાર છે. વળી શાશ્વત જિન ચૈત્યોમાં રહેલા જિન બિંબો ઋષભાનન, ચંદ્રાનન, વારિષેણુ અને વર્દ્ધમાન એવા ચાર નામે ઓળખાય છે. અને તે આગમને વિષે પ્રતિપાદન કરેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવી રીતે શાશ્વત જિનચૈત્ય સંબંધી વક્તવ્યતા કહી અને ભક્તિકૃત વિગેરે અશાશ્વત જિનચૈત્યોના ગુણદોષનું વર્ણન કરે છે. કપાલ, નાસિકા, મુખ, ગ્રીવા, હૃદય, નાભિ, ગુહ્ય, સાથળ, જાનુ, પીંડી અને ચરણ પ્રમુખ અગીયાર અંગોમાં જે પ્રતિમા વાસ્તુકાદિ ગ્રંથને વિષે કહેલા પ્રમાણવાળી હોય, નેત્ર, કાન, ખાંધ, હાથ અને અંગુલિ આદિ સર્વ અવયવોવડે અદૂષિત હોય, સમચોરસ સંસ્થાને રહેલ પર્યંકાસને યુક્ત હોય, કાયોત્સર્ગે કરી વિરાજિત હોય, સર્વાંગે સુંદર હોય અને વિધિવડે ચૈત્યાદિકમાં પ્રતિષ્ઠિત કરી હોય, તેવી પ્રતિમા પૂજવાથી સર્વ ભવી પ્રાણીઓને.તે મન વાંછિત આપનારી થાય છે. ઉપર કહેલાં લક્ષણોથી રહિત એવી જિનપ્રતિમા અશુભ અર્થની સૂચક હોવાથી અપૂજ્ય છે. જે પ્રતિમા ઉપર કહેલાં લક્ષણોથી યુક્ત હોય, પણ જો સો વર્ષ અગાઉ કોઈ પ્રકારે અવયવોથી દૂષિત થઇહોય તો તે પણ અપૂજ્ય ગણાય છે. પણ જો ઉત્તમ પુરૂષે વિધિપૂર્વક ચૈત્યાદિકને વિષે પ્રતિષ્ઠિત કરેલી હોય અને તે સો વર્ષ પછી અંગથી વિકલ થઇ ગઈ હોય તો તેને પૂજવામાં બીલકુલ દોષ નથી. તેને માટે શાસ્ત્રમાં નીચે પ્રમાણે કહેલું છે કે—

" वरससयाओ उड्ढं जं बिंबं उत्तमेहिं संठवियं ।
वियलंगुविपूइजाइ तं बिंबं निक्कलंन जओ " ॥१॥

અહિં એટલું વિશેષ છે કે, મુખ, નેત્ર, ડોક અને કટી ભાગ આદિ પ્રદેશને વિષે ખંડિત થયેલ મૂળનાયક બિંબ સર્વથા પૂજવાને અયોગ્ય છે. અને આધાર, પરિકર અને લાંછનાદિક પ્રદેશે કરીને ખંડિત હોય તો તે પૂજનિક છે. જેમ ધાતુ તથા લેપ આદિના બિંબો વિકલ અંગ થવાથી ફરીથી સમારાય છે, તેમ પાષાણ, કાષ્ટ તથા રત્નમય બિંબ ખંડિત થવાથી ફરીથી સજજ કરી શકાતા નથી.

તેમ વળી અતિશય અંગવાળી, હીનઅંગવાળી, કૃશોદરી, વૃધ્ધોદરી, કૃશ હૃદયવાળી, નેત્રાદિકથી હીન, ઊંચી દૃષ્ટિવાળી, નીચી દૃષ્ટિવાળી, અધો મુખવાળી અને ભયંકર મુખવાળી પ્રતિમા દેખનારને શાંત ભાવ નહીં ઉત્પન્ન કરનારી તેમજ સ્વામીનો નાશ, રાજાદિકનો ભય, દ્રવ્યનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાશ, અને શોક–સંતાપ આદિ અશુભને સૂચવનારી હોવાથી તે સજ્જન પુરૂષોને અપૂજનીય કહેલી છે. અને યથોક્ત ઉચિત અંગને ધરનારી અને શાંત દ્રષ્ટિવાલી જીનપ્રતિમા સદ્‌ભાવને ઉત્પન્ન કરનારી તથા શાંતિ અને સૌભાગ્યની વૃદ્ધિ કરવા પ્રમુખ શુભ અર્થને આપનારી હોવાથી સદા પૂજનીય કહેલી છે.

## ગૃહસ્થોએ પોતાના ઘરને વિષે કેવી પ્રતિમા પૂજવી જોઇએ.

ગૃહસ્થોએ પોતાના ઘરને વિષે કેવી પ્રતિમા પૂજવી જોઈએ ? તેનું સ્વરૂપ દર્શાવે છે. પૂર્વે દર્શાવેલા દોષથી રહિત, એકથી લઈને અગીયાર આંગળ સુધીના માનવાળી, પરિકર સહિત–એટલે અષ્ટ પ્રતિહાર્ય સહિત, સુવર્ણ, રૂપું, રત્ન અને પીતલાદિ ધાતુમય અને સર્વ અંગે સુંદર, એવી જિન પ્રતિમા ગૃહસ્થે પોતાના ઘરને વિષે સ્થાપી સેવવા યોગ્ય છે. પરિકર વિનાની ઉપર કહેલા માનથી રહિત, પાષાણ, લેપ, દાંત, કાષ્ટ, લોહ અને ચિત્રમાં આલેખેલી જિનપ્રતિમા ગૃહસ્થને પોતાના ઘરને વિષે પૂજનિક નથી—એટલે પૂજવી ન જોઇએ તેને માટે શાસ્ત્રમાં કહ્યું છે કે—

" समयावलि सूत्ताओ लेवोवलकट्ठदंतलोहाणं ।
परिवारमाणरहियं धरंमि नहु पूयए विंबं " ॥१॥

તે ઘર દેરાશરની પ્રતિમાની આગળ બલિબાકુલનો બહુ વિસ્તાર ન કરવો, પણ ભાવથીજ નિરંતર ન્હાવણ કરવું અને ત્રિકાલ પૂજા કરવી. અગીયાર આંગળથી અધિક પ્રમાણવાલી જિનપ્રતિમા ઘરને વિષે પૂજવી નહીં. તેવી પ્રતિમા તો દેરાશરને વિષેજ પૂજવા યોગ્ય છે. તેમજ અગીયાર આંગળથી હીન પ્રમાણવાલી પ્રતિમા મોટા દેરાશરમાં સ્થાપવી નહીં, એ પણ વિવેક રાખવો.

વિધિપૂર્વક જિનબિંબના કરનાર તથા કરાવનારને સર્વકાલ સમૃદ્ધિની વૃદ્ધિ થાય છે. દારિદ્ર, દુર્ભાગ્ય, નઠારૂં શરીર, દુર્ગતિ હીનબુદ્ધિ, અપમાન, રોગ અને શોક વગેરે દોષો કોઇ કાળે પણ થતા નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અહું જિનચૈત્યના અધિકારમાં ઘણી બાબત કહેવાની છે, પણ તે વિષે શ્રી આચારદિનકર પ્રમુખ ગ્રંથોથી જાણી લેવું. એ પ્રકારે પાંચ પ્રકારના ચૈત્યોની વકતવ્યતા કહેવામાં આવી. હવે તેના વિનયનું સ્વરૂપ કહે છે.

## ચૈત્ય વિનયનું સ્વરૂપ.

"द्वित्रिपंचाष्टादिभेदैः प्रोक्ता भक्तिरनेकधा ।
द्विविधा द्रव्यभावाभ्यां त्रिविधांगादिभेदतः "॥ १ ॥

પૂર્વે વિનય, ભક્તિ, બહુમાન વગેરે જે કહેલા છે, તેના પ્રકાર કહેછે. ભક્તિ બે, ત્રણ, પાંચ, અને આઠ વગેરે ભેદોથી અનેક પ્રકારની છે. તેમાં દ્રવ્ય અને ભાવથી બે પ્રકારની છે અને અંગ, અગ્ર, અને ભાવ-એમ ત્રણ પ્રકારની છે. તેમાં જલ, વિલેપન, પુષ્પ અને આભરણ વગેરેથી જે અંગ પૂજા થાય છે તે બતાવેછે. દુઃખે કરીને પ્રાપ્ત થયેલા સમ્યકત્વ રત્નને સ્થિર કરવાની ઇચ્છાવાલા વિવેકી પુરૂષે પોતે પ્રથમ પવિત્ર થઈ બાહર જીવની યતન કિને માટે શુદ્ધ વસ્ત્ર પહેરી જિનાલયમાં જવું. ત્યાં શ્રી જિનેશ્વર સમાન મુદ્રાએ યુક્ત, એવા શ્રી જિનબિંબને માર્જન કરી, કપૂર પુષ્પ, કેશર, તથા સાકર, પ્રમુખથી મિશ્રિત સુગંધી જલવડે સ્નાન કરવું. તે પછી કપૂર, કેશર, અને ચંદન આદિ દ્રવ્યોથી વિલેપન કરવું. તે પછી પુષ્પ પૂજા કરવી. ભવ્ય પ્રાણીએ સામાન્ય પુષ્પોથી પ્રભુ પૂજા ન કરવી. તેને માટે નીચે પ્રમાણે કહેલું છે.

" न शुष्कैः पूजयेद् देवं कुसुमैर्न महीगतैः
न विशीर्ण फलस्पृष्टैर्नाशुभैर्नाविकासिभिः"॥ ॥१॥

" સુકાઈ ગયેલા, પૃથ્વીપર પડેલા, સડીને વિશીર્ણ થયેલા, ફલોથી સ્પર્શાયેલા અશુભ અને વિકાસ નહીં પામેલા પુષ્પોથી જિનેશ્વરની પૂજા કરવી નહીં."

નઠારા ગંધવાળા, સુગંધ વગરના, ખાટા ગંધવાલા, કીડાએ વીંધેલા, જુના અને વાસી પુષ્પોથી પૂજા કરવી નહીં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમજ હાથથી પડી ગયેલું, પૃથ્વીપર પડેલું, પગમાં કોઇ ઠેકાણે અડકેલું, મસ્તક ઉપર ચડેલું, નઠારા વસ્ત્રોમાં લીધેલું, નાભિની નીચે રાખેલું, દુષ્ટ લોકોએ સ્પર્શેલું, ઘનથી હણાએલું, અને કીડાઓએ દૂષિત કરેલું એવું પુષ્પ, પત્ર અને ફલ જિનેશ્વરની પ્રીતિને માટે ભક્તોએ ત્યજી દેવું.

ઉપર કહેલા દૂષિત પુષ્પોવડે પ્રભુની પૂજા કરવાથી માણસ નીચપણાને પામે છે. તેને માટે કહ્યું છે કે,

"पूजां कुर्वन्नंगलग्नैर्धरामा पतितैः पुनः ।
यः करोत्यर्चनं पुष्पै रुच्छिष्टः सोऽभिजायते" ॥ १ ।

અંગ ઉપર લાગેલા અને પૃથ્વીપર પડી ગયેલા પુષ્પોથી જે પુરૂષ પૂજા કરે છે, તે પુરૂષ ઉચ્છિષ્ટ થઇ જાય છે. એટલે નીચપણાને પામે છે. ૧

એ કારણ માટે ઉપર કહેલા દોષથી વર્જિત એવા પુષ્પોવડે જિનપૂજા કરવી. તેવા ઉત્તમ પ્રકારના પુષ્પોની પૂજાના પ્રભાવથી ભવ્ય પ્રાણિના ઘરને વિષે ધનસારની પેઠે સર્વ સુખવાળી સમૃદ્ધિની વૃદ્ધિ વગેરે પ્રગટ થાય છે. અને દારિદ્ર, શોક, અને સંતાપ આદિ પાપના ઉદય દૂર થઇ જાય છે. આ પ્રમાણે આ લોકમાં ફલ મલે છે અને પરલોકમાં દેવલોકના તથા મોક્ષના સુખની પ્રાપ્તિ થાય છે.

## આભરણ પૂજા.

વિવેકી પુરૂષોએ સુવર્ણના અને રત્નોના ચક્ષુ, શ્રીવત્સ, હાર, કુંડલ, બીજોરૂં, છત્ર, મુગટ અને તિલક આદિ અનેક પ્રકારનાં આભરણો કે જે પોતે તથા અન્ય પુરૂષોએ અણભોગવેલા હોય તે જીનબિંબને ઘટમાન સ્થાને આરોપિત કરવા, જે દમયંતી વગરેએ કરેલા હતા. દમયંતી કે જે પૂર્વભવે વીરમતી નામે સ્ત્રી હતી, તેણીએ અષ્ટાપદ પર્વતને વિષે ચોવીશ જીનબિંબોના લલાટને વિષે રત્નના તિલકો આરોપિત કર્યાં હતા, તે પુણ્યના પ્રભાવથી તે બીજે ભવે સ્વાભાવિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તિલકથી અલકૃત લલાટવાળી અને તેની કાંતિવડે નિરંતર અંધકારનો નાશ કરનારી ત્રિખંડના અધિપતિ નળ રાજાની દમયંતી નામે રાણી થઈ હતી. તે શિવાય બીજા ઘણા ભવ્ય જીવો આ અંગ પૂજાના પ્રભાવથી સુખની શ્રેણીને પામેલા છે. આ પ્રમાણે પેહેલી અંગ–પૂજા કહેવામાં આવી.

## બીજી અગ્રપૂજા.

ધૂપ, નૈવેદ્ય, ફલ, અક્ષત અને દીવા પ્રમુખથી અગ્ર પૂજા થાય છે. અહિં ઉત્તમ પ્રકારના મોદક પ્રમુખ ખાજાં તે નૈવેદ્ય કહેવાય છે. શ્રીફલ બીજોરા વગેરે ફલ કહેવાય છે. પોતાને ભોગ્ય એવું ખંડ રહિત અને ઉજ્વલ એવું શાલિપ્રમુખ ધાન્ય વિશેષ તે અક્ષત કહેવાય છે. તે નૈવેદ્ય, ફલ અને અક્ષત પ્રભુની પાસે મુકવા. તે સાથે પ્રધાનયતના પૂર્વક પ્રભુ સમીપે શ્રેષ્ટ ઘૃતનો દીપક કરવો. અહિં વિવેકી ગૃહસ્થે એટલું ધ્યાનમાં રાખવાનું કે, તે પ્રભુના દીપકવડે પોતાનું ગૃહકાર્ય કાંઈપણ કરવું નહી. જો કોઇ એ દીપકવડે ગૃહકાર્ય કરે તો તે દેવસેનની માતાની જેમ તિર્યંચ પ્રમુખ યોનિઓમાં ઉત્પન્ન થાય છે. અને તેથી મોટા દુઃખનું ભાજન થાય છે.

## ત્રીજી ભાવપૂજા.

આ ત્રીજી ભાવપૂજા જિનેશ્વરને સ્તવન સ્મરણ વગેરેથી થાય છે. પ્રથમ ઉચિત સ્થાને રહી ચૈત્યવંદન કરવું. તેમાં શક્રસ્તવ વિગેરે બોલવા. એટલે લોકોત્તર એવા તીર્થંકરના છતા ગુણોને વર્ણન કરનાર વચનોવડે સ્તુતિ કરવી. તે પછી શ્રી જિનેંદ્રને પોતાના હૃદયકમળમાં સ્થાપી તેમના ગુણોનું સ્મરણ કરવું, તથા પ્રભુની આગળ નાટકાદિ કરી રાવણની જેમ અખંડ ભાવ ધારણ કરવો. જેમ લંકાના સ્વામી રાવણે એક સમયે અષ્ટાપદ પર્વતને વિષે ભરત રાજાએ કરાવેલા પોતપોતાના વર્ણ પ્રમાણવાલા ચોવીશ જિનેશ્વરોના પ્રસાદની અંદર ઋષભાદિક પ્રભુઓની દ્રવ્યપૂજા કરી હતી, અને મંદોદરી પ્રમુખ સોળહજાર અંતઃપુર સાથે નાટક કર્યું હતું, તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમયે તેણે તેની વીણાની તાંત તુટી જતાં પ્રભુના ગુણ ગાનના રંગમાં ભંગ પડવાના ભયથી પોતાના શરીરમાંથી નસ ખેંચીને સાંધી હતી. તેવી જિન ભક્તિથી તે રાવણે તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું હતું. જે રાવણ મહાવિદેહ ક્ષેત્રને વિષે તીર્થંકર થશે.

એ પ્રમાણે બીજા પણ ભવ્ય જીવોએ જિનપૂજાને વિષે યત્ન કરવો જોઈએ. તેને માટે ભાષ્યમાં નીચે પ્રમાણે લખ્યું છે.

" यद्यपि गंधव्वनट्टवाइयलेवणजलारत्तियाइ दीवाइ जं किच्चं
तं सव्वं पिउरइ अग्गपूआ " ॥१॥

આ વચનથી જો કે નાટકને અગ્ર પૂજામાં ગણેલ છે, તો પણ તે નાટક ભાવ મિશ્રિત હોવાથી, તેમાં ભાવની પ્રધાનતા છે, તેથી તેને ભાવ પૂજામાં કહેલું છે; તે દોષ નથી, એમ જાણવું. એ પ્રકારે ત્રીજી ભાવ પૂજા જાણવી. વળી બીજી પાંચ પ્રકારે પણ પૂજા છે તે બતાવે છે.

## પાંચ પ્રકારની પૂજા.

પાંચ પ્રકારની પૂજા આ પ્રમાણે કહેવાય છે. ૧ પુષ્પ પ્રમુખની પૂજા, ૨ જિનેશ્વરની આજ્ઞા, ૩ દેવ દ્રવ્યનું રક્ષણ કરવું, ૪ ઉત્સવ અને ૫ તીર્થ યાત્રા આ પાંચ પ્રકારે જિનેશ્વરની ભક્તિ પણ કહેવાય છે. તે વિષે કહ્યું છે કે,

" पुष्पाद्यर्चा तदाज्ञाच, तद्द्रव्य परिरक्षणम् ।
उत्सवास्तीर्थ यात्रा च, भक्तिः पंचविधाजिने " ॥१॥

" પુષ્પાદિકથી પૂજા કરવી, જિનેશ્વરની આજ્ઞા માનવી, દેવ દ્રવ્યનું રક્ષણ કરવું, ઉત્સવો કરવા અને તીર્થ યાત્રા કરવી—એ પાંચ પ્રકારની જિનેશ્વરની ભક્તિ કહેવાય છે. " ૧

જિનેશ્વરની ભક્તિ પાંચ પ્રકારે થાય છે. કેતકી, ચંપક જાઈ, જુઈ, શતપત્ર વગેરે અનેક પ્રકારનાં ઉત્તમ પુષ્પો તથા ધૂપ, દીપ અને ચંદનાદિ વડે પૂજા કરવી, તે પ્રથમ ભક્તિ કહેવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મન, વચન અને કાયાએ કરીને જિનેંદ્રની આજ્ઞા પાળવી, એ બીજી ભક્તિ કહેવાય છે. જિનેશ્વરની આજ્ઞા એ સર્વ ધર્મકૃત્યનું મૂલ કારણ છે. જિનાજ્ઞા વિના સર્વ ધર્મકાર્યો નિરર્થક છે, એમ જાણી ભવ્ય જીવોએ જિનાજ્ઞા પાલવાને ઉદ્યમ કરવો.

જિનેશ્વરની આજ્ઞા એ તપ, એ સંયમ અને દાન માન એ આજ્ઞાથી સફલ છે. તે આજ્ઞા વિનાનો ધર્મ તે શાળના ફોતરાની જેમ નિષ્ફલ છે.

તે આજ્ઞાથી રહિત એવા જીવો આ અનંત સંસારમાં ભમ્યા છે. અને જે જીવે આજ્ઞા અંગીકાર કરી નથી, તે જીવની ગતિ ફરીથી પણ તેવીજ થવાની.

દેવ દ્રવ્યનું સમ્યક્ પ્રકારે રક્ષણ કરવું,—વૃદ્ધિ કરવી, તે ત્રીજી ભક્તિ કહેવાય છે. આ સંસારને વિષે સર્વ પ્રાણીઓ પોતાના દ્રવ્યના રક્ષણને માટે તત્પર રહે છે, પરંતુ દેવ દ્રવ્યનું રક્ષણ કરવામાં—તેને વધારવામાં ઉત્તમ જીવોનીજ પ્રવૃત્તિ હોય છે. જેઓ દેવ દ્રવ્યના રક્ષણને માટે સારી રીતે પ્રવર્તે છે, તે પ્રાણીઓ આ લોકતથા પરલોકમાં સુખની પરંપરાને પ્રાપ્ત કરનારા થાય છે. જેઓ દેવ દ્રવ્યનું ભક્ષણાદિક કરે છે, તેઓ આ ઉભય લોકને વિષે અતિ ઘોર દુઃખના ભાજન બને છે. તે વિષે કહ્યું છે કે,

"જિનપ્રવચનની વૃદ્ધિ કરનારૂં અને જ્ઞાન તથા દર્શન ગુણોનું પ્રભાવક એવા જિન દ્રવ્યનું જે પુરૂષ ભક્ષણ કરે છે, તે અનંત સંસારી થાય છે અને તેનું રક્ષણ કરનાર ભવસંખ્યાના પ્રમાણવાળો થાય છે."

"જિન પ્રવચનની વૃદ્ધિ કરનારૂં અને જ્ઞાન તથા દર્શનના ગુણોનું પ્રભાવક એવા જિન દ્રવ્યને વધારનારો જીવ તીર્થંકરપણાને પ્રાપ્ત કરે છે, એમ પણ સાથે કહેલું છે."

અહિં વૃદ્ધિ એટલે નવા નવા દ્રવ્યનો પ્રક્ષેપ કરવા વગેરેથી વધારવું, એમ સમજવું. તે પણ પંનર પ્રકારના કર્માદાન રૂપ કુવ્યાપાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વર્જીને સદ્વ્યાપારના વિધિ વડે દ્રવ્યની વૃદ્ધિ કરવી. અવિધિ વડે ક-રેલી દ્રવ્ય વૃદ્ધિ ઊલટી દોષરૂપ થાય છે.

ચૈત્ય દ્રવ્યનું કોઈ ભક્ષણ કરતો હોય તો તેની ઉપેક્ષા કરવી, એ ચૈત્ય દ્રવ્યના ખવનારા સમજવો. ચૈત્ય દ્રવ્યના ભક્ષણ તથા રક્ષણ કરવા ઉપર સાગર શેઠનો દૃષ્ટાંત શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. હવે ચોથી ભક્તિ કહેછે.

## ચોથી ભક્તિ.

જે નિશ્ચે કરી ભવ્યજીવો અઠ્ઠાઈઉત્સવ, સ્નાત્ર, ચૈત્યબિંબની પ્રતિષ્ઠા, વગેરે ઉત્સવો કરે તથા શ્રીપર્યૂષણ પર્વનેવિષે કલ્પસૂત્રની વાંચના પ્રમુખ શાસનની પ્રભાવના કરે, તે જિનશાસનની ઉન્નતિના હેતુ હોવાથી તે પણ જિનપૂજાજ કહેવાય છે. કહ્યું છે કે—

" प्रकारेणाधिकां मन्ये भावनातः प्रभावनाम् ।
भावना स्वस्य लाभाय स्वान्ययोस्तु प्रभावना " ॥१॥

" કોઈ પ્રકારે ભાવનાથી પ્રભાવના અધિક છે એમ હું માનું છું; કારણ કે, ભાવના પોતાનાજ લાભને માટે થાય છે અને પ્રભાવના પોતાના અને બીજાના બંનેના લાભને માટે થાય છે. "૧

## પાંચમી ભક્તિ.

તીર્થયાત્રા કરવી, એ જિનેશ્વરની પાંચમી ભક્તિ કહેવાય છે. શત્રુંજય, ગિરનાર, અર્બુદાચલ, અષ્ટાપદ, સંમેતશિખર, આદિ સર્વ તીર્થોને વિષે જિનવંદન કરવા અને તે ક્ષેત્રની સ્પર્શનાદિક કરવાને માટે જવું, તે તીર્થયાત્રા કહેવાય છે. એ તીર્થયાત્રા પણ જિનભક્તિ જ ગણાય છે. તે તીર્થોમાં શત્રુંજય તીર્થ સર્વ તીર્થોનો રાજા છે અને ત્રણ લોકમાં તેના જેવું બીજું તીર્થ નથી. કહ્યું છે કે—

" नमस्कारसमो मंत्रः शत्रुंजयसमो गिरिः ।
वीतरागसमो देवो न भूतो न भविष्यति " ॥१॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" નવકારના જેવો મંત્ર, શત્રુંજયના જેવો ગિરિ અને વીતરાગના જેવો દેવ થયા નથી અને થશે નહીં. " ૧

શ્રી શત્રુંજય તીર્થના સ્પર્શવા પ્રમુખે કરી મહાપાપી પ્રાણીઓ પણ સ્વર્ગાદિકના સુખને ભોગવનારા થાય છે અને જે પુણ્યવંત પ્રાણીઓ છે તે અલ્પ કાળમાં સિદ્ધિપદને પામે છે. તેને માટે શાસ્ત્રોમાં ઘણું ઘણું કહ્યું છે. તેમ વળી કહ્યું છે કે—

" छट्ठेणंजत्तेणं अपाणएणं व सत्तजत्ताउ,
जो कुणइ सत्तुंजे सो तइय नवे लहइ सिद्धिं " ॥१॥

છઠ ભકતવડે પાણીથી રહિત સાત યાત્રા શત્રુંજય પર્વત ઉપર કરનાર પ્રાણી ત્રીજે ભવે મુકિત પામે છે. વલી આ પ્રકારે જે મનુષ્ય દુર્લભ મનુષ્યભવ પામીને સિદ્ધાચળ તીર્થની યાત્રા કરીને પોતાનો જન્મ સફળ કરે છે, તેને ધન્ય છે! જે પ્રાણી તથાપ્રકારની યોગ્ય સામગ્રીના અભાવથી પોતે યાત્રા કરવાની શકિત રહિત છે તોપણ અન્ય યાત્રિકોની અનુમોદના કરે છે તેમને પણ ધન્યવાદ છે. જે પ્રાણીઓ શ્રીસિદ્ધાચળને પોતાની દૃષ્ટિએ અવલોકન કરેછેઅને પોતાના શરીરના અંગોપાંગોવડે સ્પર્શે છે તેમજ ઋષભાદિ દેવોનું અર્ચન કરે છે તેઓ પણ અનેકશઃ સ્તુતિપાત્ર છે. પરપ્રતિ યાત્રા સંબંધે ઉપદેશ આપતાં નીચે મુજબ કહે છે.

वपुः पवित्रीकुरुतीर्थयात्रया । चित्तंपवित्रीकुरु धर्म वांछया ॥
वित्तं पवित्रीकुरु पात्र दानतः । कुलं पवित्रीकुरु सच्चरित्रतः ॥

અર્થ— તીર્થયાત્રા વડે શરીરને પવિત્ર કરો, ધર્મ ઇચ્છા વડે ચિત્તને પવિત્ર કરો, દ્રવ્યને સુપાત્ર દાનવડે પવિત્ર કરો અને ઉત્તમ આચારના પાલનવડે કુલને પાવન કરો. આ પ્રકારે ઉપદેશ આપ્યા કરે તથા મુક્તિનગર પ્રાત પ્રયાણ કરવા ઇચ્છતા લોકોને સુખે કરીને આરોહણ કરવાને માટે ઉત્તમ પગથીયા રૂપ વિમલાચલ તીર્થને હું ક્યારે નેત્રયુગલ વડે નીરખીશ તેમજ સ્વશરીર વડે ક્યારે હું તે તી·

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ર્થાધિરાજને સ્પર્શવા ભાગ્યશાળી થઇશ. આ મારો જન્મ તીર્થના દર્શનાદિ વિના ફોકટ જાય છે એ રીતે સ્વચિત્તમાં ભાવના ભાવે છે તેવા પ્રાણીઓ પોતાના સ્થાનકે રહેલા છતાં પણ તીર્થ યાત્રાના મહા ફળને પામેછે. જેઓ છતી સામર્થ્યે યાત્રા કરતા નથી તેઓ દીર્ઘ-સંસારી જાણવા. શ્રી શત્રુંજય ગિરિ ઉપર થોડું પણ કરેલું પુણ્ય મહા ફળદાયક થાય છે. વિગેરે હકીકત આગલા ૭મા ૮મા અંકોમાં બે લેખો વીસ્તારથી છે તેમાં જોઇ લેવું.

" ભવ્ય પ્રાણીઓ તીર્થના માર્ગના રજવડે વિરજ પાપરહિત થાય છે. તીર્થોમાં ભ્રમણ કરનારાઓ આ સંસારમાં ભ્રમણ કરતા નથી. જેઓ તીર્થક્ષેત્રમાં દ્રવ્યનો વ્યય કરે છે, તેઓ સ્થિરસંપત્તિવાળા થાય છે અને ત્યાં જગત્પતિને પૂજનારાઓ બીજાઓને પૂજવા યોગ્ય થાય છે. " !

આ પ્રમાણે તીર્થ સેવાનું મહાફળ જાણીને ભવ્ય જીવોએ શ્રી શત્રુંજયાદિ મહાતીર્થની યાત્રાને વિષે આદર સહિત થવું અને તેમાં પોતાનું દ્રવ્ય સફલ કરવું. વળી તીર્થની યાત્રા કરવાને ઇચ્છતા એવા બીજા યાત્રાલુઓને સંબલ (ભાતુ) આપવા વિગેરેથી સહાય કરવી. તીર્થ યાત્રા કરનારે પોતાની યથાશક્ત બનતી રીતે ધનશેઠની જેમ તીર્થની ઉન્નતિ કરવી. જે ધનશેઠનું દ્રષ્ટાંત શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે.

અપૂર્ણ.

# समग्र जैन जातिनी उन्नतिनो उपाय.

(લેખકઃ-બાબુ ચૈતનદાસજી બી. એ.એસ.સી. મહામંત્રી ભારત જૈન મહામંડળ લલિતપુર)

વ્હાલા બંધુઓ! એક વખતે જૈન જાતિ લૌકિક તથા આત્મિક ઉન્નતિના ઉંચામાં ઉંચા શિખર ઉપર હતી, અને અનેક રાજ્ય, રાજાગણ, મંત્રી, રાજનીતિજ્ઞ, વ્યાપારી, શિલ્પી, તથા દેવ દેવી પણ યોગ્ય માર્ગે જવા માટે તિર્થંકર ભગવાનની સેવામાં હાજર થતાં હતાં; પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હાલ એવો સમય છે કે જૈન જાત કોઈ કોઈ બાબતમાં સંસારની લાયક જાતિઓમાંથી હલકામાં હલકી જાતિમાં પણ ગણના કરવા યોગ્ય નથી આપણી જાતિ હાલ કોઈપણ ઉન્નતિના માર્ગ પર નથીઅને એમાં હાલ એક નાનો પણ રાજા નથી, જેથી એવું પણ કહી શકાય કે, જૈન ધર્મ મોટા મોટા ચક્રવર્તીઓ અને માંડલિક રાજાઓનો ધર્મ છે. મેં એક વિ-દ્વાનથી સાંભળ્યું છે અને તે ખરૂંજ છે કે એક વખતે પૃથ્વી ઉપર જૈનોઓની સંખ્યા ૨૦ કરોડની હતી. ભાઈઓ ! શું આપ જાણોછો કે આ વખતે એ સંખ્યા ઘટીને કયાં પહોંચી છે? પૃથ્વીના સર્વે ધર્મ માનનારાની સંખ્યા નીચે મુજબ છે, તે વાંચતાં શોક થાય છે.

૧ ઈસાઈ ધર્મ (ખ્રસ્તી ધર્મ)ની સંખ્યા ૪૧ કરોડ જેના છે, મુખ્ય દેશો ઇટાલી, ફ્રાન્સ, બેલ્જીયમ, સ્પેન, પોર્ટુગાલ, બ્રિટીશ બેટો, જર્મની, ઑસ્ટ્રીયા, એશિયા, અમેરિકા, યૂરોપી, તુર્કસ્તાન, આબીસીનીયા, જર્મની, ડેનમાર્ક, હોલાંડ, સ્વીડન.

૨ યાહુદી ધર્મ—યાહુદી ધર્મની સંખ્યા ૧ કરોડ ૨૦ લાખ છે, જે મુખ્યત્વે કરીને યૂરોપમાં છે.

૩ મુસલમાની ધર્મની સંખ્યા ૧૭ કરોડ ૫૦ લાખ છે, જે હિંદ, તુર્ક સામ્રાજ્ય અરબસ્તાન, પારિસ અને આફ્રિકામાં છે.

૪ હિંદુ ધર્મની સંખ્યા ૨૨ કરોડ છે, જે ભારતવર્ષમાં છે.

૫ બૌદ્ધ ધર્મની સંખ્યા ૩૨ કરોડ ૫૦ લાખ છે, જે ચીન, જાપાન, ફર્ધર ઇંડિઆ, નેપાલ, ભૂતાન અને લંકામાં છે.

જૈન ધર્મની સંખ્યા ૧૩ લાખ ૩૪ હજાર છે, જે કેવળ હિંદુસ્તાનમાં છે. આ મોટા દુઃખની વાત છે કે જયારે ખ્રીસ્તી ધર્મની સંખ્યા ૪૧ કરોડ છે, ત્યારે જૈન ધર્મીઓની સંખ્યા ફક્ત ૧૩૩૪૧૪૮ની છે. એ પરથી જણાય છે કે આપણી પડતી કેટલી ભયંકર છે. ? મનુષ્ય જાતિની સમગ્ર ગણનામાં જૈન જાતિ ગણવા યોગ્યજ નથી, એવી સ્થિતિ થઇ ગઈ છે !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આમ થવાનું શું કારણ છે? તો તે જાણવું બહુ કઠણ નથી. જર્મનીના એક વિદ્વાનનું કહેવું છે કે," છેલ્લા અનેક સૈકામાં જે વિપત્તિઓ આપણને ભોગવવી પડી છે તેનું કારણ આપણામાંજ છે અને તે એ છે કે આપણે આ માન્યતા છોડી દીધી કે " અમારા સર્વે ભાઇઓની એક જાતિ છે, અને આપણો ઉદ્યોગ સામાન્ય લાભ તરફ લગાડવો જોઇએ ! ! હાલ તો આપણી શકિત એક બીજામાં લડવામાં વ્યર્થ બગાડીએ છીએ, અને એક બીજાની યોજનાને અસફલ કરીએ છીએ. આપણા પૈસાને એક બીજાની સાથે મુકદમો લડવામાં વ્યર્થ ગુમાવીએ છીએ અને એક બીજાની સાથે મળીને કામ કરવાનો અવસર આવે છે, ત્યારે ધનરહિત બની ચુપ થઇએ છીએ. આમ એક બીજાની શકિત નાશ કરવાનું પરિણામ એ આવેછે કે આપણે સર્વે જાતીય સ્વત્વને ખોઇ બેસીએ છીએ, તો આપણે એક બીજા સાથે મળી ઉચિત માર્ગ ઉપર ચાલવાથી અવશ્ય તે સ્વત્વને પ્રાપ્ત કરી શકીશું. દાખલા તરીકે રાજ્યભકત, શાંત, તથા નિયમાવલમ્બી જૈન જાતિના જેવી પ્રભાવશાલી જાતિને સ્થાનીક કે રાષ્ટ્રીય કૌંસિલોમાં પોતાના પ્રતિનિધિઓને માટે સ્થાન મેળવવામાં શી મુશ્કેલી પડે? અને યોગ્ય જૈનોને ઉંચી નોકરીનું પદ કેમ ન મળે ? જ્યારે આપણે સર્વે મળી એક જાતિની પેઠે સામાન્ય લાભોથી જોડાઇ એક જનસમુહના આકારમાં પ્રયત્ન કરીએ તો તે અવશ્ય મેળવી શકીએ. એક જાતિના ભિન્ન ભિન્ન સંપ્રદાયોના સ્વરૂપમાં અલગ અલગ મહેનત કરીએ તેમાં તો કદી મળે નહિં. સરકારને માટે એ ન્યાયી નથી કે જે કોમના એક ભાગને કાંઇક આપે અને બીજાને કશું નહિ. તેથી કોઇને સરકાર કાંઇ આપી શકતી નથી.

સજ્જનો! પ્રત્યેક કામમાં એવો પણ સમય આવેછે કે લોકો ચોતરફથી આપણા તરફ જોઇ જાણે આપણને પતિત દશામાંથી ઉઠાડવા ચેષ્ટા કરે છે. મને ખાત્રી છે કે હાલમાં જૈનીઓને તેવો સમય છે, માટે મારી પ્રાર્થના છે કે આપ લોકો જે જૈન જેવા ઉદાર ધર્મના માનનારા છો, તેઓ એક બીજાના લાભ માટે મહેનત કરો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને સર્વે સામાન્ય કાર્યમાં એક સામાન્ય ભ્રાતૃસમૂહ બનાવવાનો ઉત્સાહ બતાવો. 'ભારત જૈન મહામંડળ' નો ઉદ્દેશ પણ જૈન જાતિની ઉન્નતિનોજ છે. સંસારમાં જેણે સત્યનો પ્રકાશ કર્યો, જેણે જીવનો અન્તિમ ઉદ્દેશ અને તે પ્રાપ્ત કરવાનો માર્ગ બતાવ્યો છે અને દરેક જીવ પ્રત્યે ભ્રાતૃભાવ બતાવવાનો જેણે ઉપદેશ કર્યો, તે ભગવાન મહાવીરના નામથી અને આ મહામંડળની તરફથી પ્રત્યેક ભાઈ તથા બ્હેનને હું અપીલ કરૂં છું કે આ જૈન જાતિના સામાન્ય લાભોને માટે પોતાના ઉદ્યોગોને એક કરો.

આપણે સામ્પ્રદાયિક નિયમોમાં મળી જઈ ઉદ્યોગ કરીએ, તો અવશ્ય કાંઈક કરી શકીએ. આપણે એક વિશાળ વંશના ભાઈઓ છીએ. આપણો આત્મિક ઉદ્દેશ એકજ છે. ભૌતિક લાભ પણ એક છે. સ્વામી મહાવીરે જે જૈન ધર્મનો ઉપદેશ આપણને આપ્યો છે તેમાં જુદાપણું નથી, તો શા માટે આપણે એક બીજાએ શત્રુતા કરવી? કેટલાકનું માનવું છે કે ત્રણે ફીરકા એક કરવા એ અસંભવિત છે, પણ તેની મતલબ એમ છે કે એ ત્રણે સંપ્રદાયોના ધાર્મિક વિશ્વાસમાં જે મતભેદ છે તે દૂર નહિ થઈ શકે, તેમાં હું પણ સંમત છું, પણ શું સમગ્ર જૈન જાતિના આર્થિક અને સામાજીક લાભોમાં સંબંધ રાખતી બાબતોમાં પણ સાથે મળીને પ્રયત્ન કરવો અસંભવ છે? નહિ. તેમાં કશી અડચણ કોઈને આવવાની નથી. માટે ભિન્ન ભાવને દૂર કરી સઘળાઓનાજ લાભની બાબતમાં મળો ઉન્નતિ કરવાનો પ્રયત્ન કરો.

પ્રિય ભાઈઓ! આપણામાં તો ફક્ત ત્રણજ ભેદ છે. પરંતુ ખ્રિસ્તીઓમાં ૬ મોટા ભેદો છે, અને તેમાં પણ અનેક ઉપભેદ છે. અને તેમાં પણ મોટા મતભેદ છે. એક આમ કહે છે, તો બીજો તેનાથી ઉલટુંજ કહે છે, તેનું વર્ણન કરવાથી મોટું પુસ્તક ભરાય, પણ ટુંકામાં તેના છ ભેદો નીચે મુજબ છે.

૧ ચર્ચ ઓફ ઈંગ્લંડ. ૨ રોમન કેથલિક. ૩ ગ્રીક ધર્મ. ૪ પ્રોટેસ્ટંટસ. ૫ પ્રેસબીટેરીયન્સ. ૬ નૉન કાનફરર્મિસ્ટ. આ દરેકમાં મોટા મત ભેદ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પ્રમાણે ખ્રિસ્તિઓમાં મોટા મતભેદ છતાં આપણી પેઠે ભિન્નતા નથી. તેમની ઘણી સંસ્થાઓએ એકતાથી કામ કરી પોતાની ઘણી ઉન્નતિ કરી છે અને જ્યારે કામ પડે છે ત્યારે એક બીજાની સામે કામ ન કરતાં એક બીજા સાથે મળી જઈ બીજાનો પરાજય કરે છે. તે બાબતમાં આપણે શિખામણ લેવી જોઈએ. અને સંસારિક સામાજીક તથા ધર્મ પ્રચારના સામાન્ય કાર્યોમાં એક જાતિની માફક આગળ વધવું જોઈએ. આપ લોકોએ સાંભળ્યું હશે કે ઇંગ્લંડ તથા જાપાનમાં એવાં કુટુંબો છે, કે જેમાં પિતા, પુત્ર તથા સ્ત્રી વગેરે પ્રત્યેક વ્યક્તિના ધર્મ જુદા જુદા છે, પરંતુ તે સર્વે એક બીજાના ધર્મ પ્રત્યે પ્રેમથી વર્તે છે. આપણા દેશમાં પણ પહેલાં એવીજ સ્થિતિ હતી. એક કુટુંબમાં બૌધ, જૈન, વૈદિક વગેરે ધર્મોના માનવાવાળા હતા. હાલ યૂરોપાદિ દેશોમાં પણ ધર્મ અને જાતિઓમાં ભેદ અને ભાગ દેખાશે અને તે સૃષ્ટિનો નિયમજ છે, પણ તેથી આ વાત નહીં કહેવાય કે વ્યકિતના લાભ માટે સામાન્ય લાભોનો નાશ કરી દેવાય. ત્યાંની સઘળી જાતિઓ સાથે મળીને કાર્ય કરે છે. જાતિની ઉન્નતિથી વ્યકિતની ઉન્નતિ અવશ્ય થાય છે, પણ એ જરૂરનું છે કે જાતિના લાભ માટે વ્યકતિનો લાભ અવશ્ય છેડી દેવો જોઇએ.

આપ જરૂર માનજો કે મળીને રહેવાથી આપણી ઉન્નતિ અને જૂદા જૂદા રહેવાથી પડતીજ થશે.

જો આપણે આપણી જવાબદારીઓને સમજીએ, તો આપણો ધર્મ છે કે આપણે જૈન જાતિને સંસારની જાતિના ઉંચા સ્થાને પહોંચાડવી. આર્ય સમાજીઓએ મળીને પોતાની સંખ્યા વધારવાની જે પદ્ધતિ કાઢી છે, તેનો આપણે પણ ઉપયોગ કરવો. સંસારના અનેક માર્ગોમાં એવા ઘણા લોકો છે કે જે જૈન ધર્મનું સ્વરૂપ જાણવા લક્ષ્પે છે, અને જૈન ધર્મ પ્રત્યે ઘણું માન ધરાવે છે, તો એ લોકોને આપણામાં મેળવવાની અનુકૂળતા પ્રાપ્ત કરવી જોઇએ. જૈનધર્મ-સત્યના ધોરણે ઉભો છે. આત્મિક ધાર્મિક, અને નૈતિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપદેશોથી પરિપૂર્ણ છે. અને એના ગ્રંથો અનુભૂત તથા વિશ્વાસજનક સિદ્ધાંતોથી ભરેલા છે. યૂરોપ, અમેરિકા તથા જાપાનના લોકો આ વખતે સર્વેથી આગળ વધેલા છે, અને તેઓ સત્યનાજ ગ્રાહક છે. તેઓ પોતાના નિષ્પક્ષી વિચારોથી આપણને આદર સાથે આશા આપે છે, તો તેમની સન્મુખ જૈન ધર્મના સિદ્ધાંતોને જુદી જુદી ભાષાઓમાં મૂકીએ અને ભિન્ન ભિન્ન દેશોમાં જૈન ધર્મ જાણનારા ઉપદેશકો મોકલીએ કે જેઓ ત્યાં જઇ આપણું સત્ય ધર્મના ગુઢ રહસ્યો બતાવે, તો મને ખાત્રી છે કે દરેક દેશોમાં આપણા અનુયાયી થઇ જશે; અને તેઓ વખત જતાં પોતાના પુરૂષાર્થથી આપણા પવિત્ર ધર્મને આખી દુનીયામાં ફેલાવી દેશે. જો આપણે યોગ્ય પદ્ધતિથી કાર્ય કરીએ તો આ ઉદ્દેશ પ્રાપ્ત કરવો કઠીન કથી.

મન્દિર વગેરે બનાવવામાં પૈસા ખરચવામાં આપણા લોકો બહુજ પ્રસિદ્ધ છે, પણ મારા નમ્ર મત મુજબ હવે આપણી ઉદારતાને બીજી તરફ પણ વાળવી જોઈએ, જેથી તે દ્વારા આપણે સ્થચી લાભ મેળવી શકીએ. પ્રત્યેક જાતની ઉન્નતિનું પહેલું પગથીઉ અજ્ઞાન દૂર કરી જ્ઞાન વધારવું તે છે. જૈનીઓમાં કેળવણીના આંકડા જોતાં મોટો અફસોસ થાય છે. ૧૩૩૪૧૪૮ જૈનોમાં કેવળ ૧૪૩૭૩૫ લખી વાંચી શકેછે! અને તેમાંના ફકત ૫૦૩૬ અંગ્રેજી જાણે છે. આ કેળવણી તો દુઃખજનક છે, તે તરફ પહેલું ધ્યાન આપવું જોઇએ. તે તરફ તો આપણે જોતાજ નથી. આપણા ધનવાન ભાઈઓએ ધાર્મિક અને નૈતિક કેળવણી એક સાથે આપવાને જૈન પાઠશાળાઓ, જૈન હાઈસ્કુલ, જૈન કોલેજ દ્વારા પ્રાથમિક તથા ઉંચી કેળવણીનો પ્રચાર કરી પોતાના નામને અમર કરવું જોઈએ. યુરોપમાં ઇસાઇઓ દ્વારા ચાલતી ૯૮ મોટી મોટી કોલેજો અને હજારો સ્કુલો છે. આ હિંદુસ્તાનમાં પણ ફકત બાઈબલ શિખવવા ખાતર હજારો સ્કુલો મીશન ખાતાની છે. તો તે પ્રમાણે જૈનીઓએ પણ કરવું જોઈએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે રીતે આપણે હિંદના ભિન્ન ભિન્ન ભાગોમાં દર વરસે દિગમ્બર, શ્વેતાંબર અને સ્થાનિકવાસી કોન્ફરન્સો કરીએ છીએ, એજ રીતે એ પણ બહુજ જરૂરી છે કે આ ભારત જૈન મહામંડળને સામ્પ્રદાયિક ભેદ ભાવોથી રહિત એક " સંમિલિત કોન્ગ્રેસ " બનાવી એને મેળવ્યા કરવી જોઇએ. આપણી સમગ્ર જાતિની ઉન્નતિને માટે માત્ર એજ ઉત્તમ માર્ગ છે. વળી સાથે સાથે આપણી જુદી કોન્ફરન્સો પણ ભર્યા કરવી. જે પોતપોતાના સંમ્પ્રદાયિક લાભો કરશે; તેથી તેને પણ ઉત્તેજન આપવું. પરંતુ તેમાં જે વ્યર્થ વ્યય થાય છે તેને ઓછો કરવો જોઇએ. આ કોન્ફરન્સો વરસમાં ત્રણ દિવસ મળે છે. મોટા મોટા અને લાંબા લાંબા ઠરાવો કરે છે. પણ વ્યવહારમાં કાંઇજ નહિ. વળી એમાં કેળવણી સંબંધી, સામાજીક અને સાધારણ વિષયોના પ્રસ્તાવ સર્વને સામાન્ય છે. માટે તેને અમલમાં લાવવા ભારત જૈન મહામંડળના આશ્રય નીચે ત્રણે કોન્સફરસોએ શિક્ષિત અને પ્રભાવશાળી પ્રતિનિધિઓની એક કમિટિ નીમી દેવી જોઇએ, જેથી કાર્યમાં ઘણી સુગમતા થાય. આ સંમિલીત પ્રબન્ધક કમીટી એક કાર્યકારીણી સંસ્થા હોવી જોઇએ. પ્રત્યેક કોન્ફરન્સના સામાન્ય પ્રસ્તાવોના કાર્યમાં તેણે પૂર્ણ પ્રયત્ન કરવો જોઇએ. તથા જાતિ હિતના તમામ પ્રશ્નોને પોતાના હાથમાં લેવા જોઇએ. વળી તેણે સાંસારીક અવસરોમાં અધિક ખર્ચ કરવાની રીતિને ઓછી કરવાને, બાળવિવાહ. વૃદ્ધવિવાહ, કન્યાવિક્રય બહુવિવાહ આદિ કુરીતિઓનો નાશ કરવા માટે ઉદ્યોગ કરવો જોઇએ, અને ત્રણે કોન્ફરન્સને તે કાર્યમાં ભલામણ તથા પ્રવૃત્ત કરવી જોઇએ.

આ કમિટિએ એવો પ્રયત્ન પણ કરવો જોઇએ કે જેથી જૈનોના વર્તમાન પત્રોમાં અંદર અંદર કલહ અને ફાટફૂટ પડાવનારા લેખ પ્રકાશિત ન થાય. સમગ્ર જૈનજાતિના સ્ત્રી પુરષોમાં કેળવણીનો પ્રચાર તથા સંસારમાં જૈનીઓના તત્વજ્ઞાનનો પ્રસાર કરવાને માટે જૈન ગ્રંથોનો પ્રત્યેક ભાષામાં અનુવાદ કરાવીને વેંચવાનો અને ભિન્ન ભિન્ન સ્થાનોમાં મોટાં મોટાં જૈન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પુસ્તકાલયો** સ્થાપિત કરવાનો પણ ઉદ્યોગ કરવો જોઇએ. **અનાથાલય, વિધવાશ્રમ, ચિકિત્સાલય,** વગેરે ખોલવાને, અને જીવહિંસા અટકાવવાને તથા વનસ્પતિ આહારના લાભો સર્વ સાધારણમાં ફેલાવવાને પણ તે કમિટિ પ્રયત્ન કરશે.

**જૈન જાતિ** વ્યાપારને માટે પ્રસિદ્ધ છે. એ પ્રસિદ્ધિને કાયમ રાખવા તથા વધારવા ઔદ્યોગિક સંસ્થા સ્થાપન કરવી જોઇએ. આપણા યુવાનોને ઔદ્યોગિક, તથા કળા કૌશલ્ય સંબંધી શિક્ષા (કેળવણી) આપવાને વિદેશમાં મોકલવા જોઇએ અને નવી અને ઉત્તમ પદ્ધતિ ઉપર કારખાનાંઓ ઉઘાડવાં જોઇએ. અને ઓછામાં ઓછી આપણી આવશ્યક ચીજો પૂરી કરવાને માટે યોગ્ય વસ્તુઓ હિંદમાં બનાવવાને પ્રયત્ન કરવો જોઇએ.

ભાઇઓ, ઉપર લખેલી સર્વ યોજનાઓ પૂર્ણ કરવા ઘણી મહેનત અને ઘણો વખત લાગે, પણ કરવા માંડવાથીજ કામ થાય છે. કેવળ વાતો કરવાથી થતું નથી. ઈસાઈઓનું એકતાને લીધેજ દુનિયામાં માન છે. તેઓ એક બીજાની વિરૂદ્ધ થવામાં કે વાદવિવાદ કરવામાં પોતાની શકિત ગાળતા નથી, પણ બીજાને કોઇ પણ વર્ગનો ખ્રિસ્તી બનાવવામાંજ મશગુલ રહે છે, તેનું અનુકરણ જૈનોએ કરવું જોઇએ. દરેકે પોતપોતાનાં પુસ્તકો વિસ્તારથી ફેલાવવાં જોઇએ. અને કોઇ કોઇ દેશનો કોઇ પણ ભાષા જાણનારો માણસ જૈન ધર્મનું કાંઈ પણ જ્ઞાન સહેલાઈથી મેળવી શકે તેવો પ્રબંધ થવો જોઇએ. જો કોઇ અજૈન કોઈ પણ જૈન સંપ્રદાયમાં આવવા ચાહે, તો તેજ સમ્પ્રદાયમાં દાખલ થવા દેવો, પણ તેમાં ખેંચાખેંચી કરવી જોઇએ નહિ.

ઉપર એક કમિટિ નીમવાની બિના જણાવી છે, તે ત્રણે જૈન સંપ્રદાયના આગેવાનોની નીમવી જોઇએ. જેને માટે ઘણાં કામો છે, પણ મારી સમજ અનુસાર હાલ એને નીચે લખેલાં કામો કરવાં બહુજ અગત્યનાં છે.

**૧ જીવ દયાનો પ્રચાર**--આ માટે દરેક ભાષામાં નાની નાની ટ્રેકટો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રકાશિત કરાવવી અને ઉપદેશકો મારફત હિંદુસ્તાન તથા બીજા દેશોમાં પણ જીવદયાનો બોધ અપાવવો. વળી રાજા મહારાજા અને સરકારને પ્રાર્થના કરવી કે પશુ પક્ષીઓ ઉપરનો જુલમ બંધ થાય પાંજરાપોળો ઉઘાડવી અને પશુના બળિદાનની રીત બંધ કરાવવા પ્રયત્ન કરવો.

૨ **ત્રણે સંપ્રદાયે નાપત્રના સંપાદકોની** એક બેઠક કરાવવી, જે જૈન **સાહીત્યનો પ્રકાશ** કરવા માટે વિચાર કરે, અને તેમને એ વાતનો આગ્રહ કરવો કે કોઈના પત્રમાં પરસ્પર નિંદા યુક્ત લેખો આવવા ન જોઈએ. એવા લેખો લખવા કે જેથી **ત્રણેમાં એકત્રતા** થાય

૩ **એક બેંક અને સહાયક વ્યાપારી મંડળી** સ્થાપવી, ને તે દ્વારા એક સ્થાનની વસ્તુઓ તે સ્થાનના બે મુખ્ય જૈની ભાઈ । આખા હિંદુસ્તાનમાં મોકલી શકે, તેની શાખાઓ જૈનોના પ્રત્યેક કેન્દ્ર-સ્થાનમાં રાખવી.

૪ **ત્રણે સંપ્રદાયના વિદ્વાનોની** એક મંડળી બનાવવી, જે જૈન મતનો પ્રચાર કરે; સંપ્રદાય મુજબ તેના ત્રણ ભાગ કરવા અને તે પોતાના સંપ્રદાયની વૃદ્ધિ અર્થે મહેનત કરે પણ એક બીજાને અડચણ ન કરે.

૫ **કોઈ અકસ્માત કે ઝઘડો** કોમમાં કે ન્યાતો વચ્ચે ઉત્પન્ન થાય, તે અંદર અંદર સમજાવીને બંધ થાય તેવો પ્રયત્ન કરવો.

૬ **ત્રણે કોન્ફરન્સો** બની શકે તો એકજ **સ્થાનમાં** ભરવી.

૭ **એક સંયુક્ત પરીક્ષાલય** નિયત કરવું, કે જે દ્વારા સમસ્ત જૈન પાઠશાળાની પરીક્ષા કરવી સહેલ થાય. પોતપોતાના સંપ્રદાયને માટે ભણવા યોગ્ય પુસ્તકો અને પરીક્ષકો નક્કી કરવા, પરંતુ દફતર સર્વેનું એકજ રાખવું, અને પુસ્તકો છપાવવાનું કામ એકજ સ્થાનથી રાખવું.

૮ **"વેદાનુયાયી ભારત ધર્મ** મહા મંડળે જે પ્રમાણે એક શાસ્ત્ર પ્રકાશીત સમિતિ" **સ્થાપિત** કરી છે તેજ **પ્રમાણે** સારી પુંજીથી એક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગ્રંથપ્રકાશક સંસ્થા ખોલવી અને તેનો પોતાનો પ્રેસ રાખવો અને તે દ્વારા ત્રણે સંપ્રદાયોના ગ્રંથો શુદ્ધતાથી છપાય, અને થોડી કીંમતે વેચી શકાય તેમ કરવું.

હું મારા ભ્રમણથી અને પત્રવ્યવહારથી જાણું છું કે ઘણા ભાઇયોને આ કાર્ય કરવા ઇચ્છા છે. જેઓ સમગ્ર જૈન જાતિની ઉન્નતિ ચાહે છે તેને મારી પ્રાર્થના છે કે આ કામમાં ઢીલ ન કરે, અને મને લખે કે આ કામમાં કેવા પ્રકારની મદદ આપી શકશે. વેર બાંધવાથી, ઝગડા કરવાથી કે મુકર્દમા લડવાથી કલ્યાણ થવાનું નથી. પણ વેર મટાડવાથી મૈત્રી કરવાથી એકત્ર થવાથી કલ્યાણ થશે.

ભાઇઓ, આપણી જાતિને સામાજીક, ઔદ્યોગિક અને આત્મિક ઉન્નતિના ક્ષેત્રમાં સર્વોત્તમ કરવા માટે બે બાબતની આવશ્યકતા છે. એકતો એ કે ધનવાનોએ કોથળી છોડી નામ અમર કરવું, અને વિદ્વાનોએ પોતાની જાતિના ભલા માટે પોતાના શરીરને તે કાર્યમાં અર્પણ કરવું.

જોઇશું કે જૈન જાતિમાં કેટલા વીર છે અને ભગવાન મહાવીર સ્વામીના કેટલા સાચા ભકત છે. જે જૈન જાતિનો ઝુંડો ઉંચો કરવા ચાહે છે તેમણે હવે મેદાનમાં આવવું જોઇએ અને કાંઇ કરી બતાવવું જોઇએ. તથાસ્તુ.

## વર્તમાન સમાચાર.

**મહેસાણા શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળાનો ઇનામ સમારંભનો જનરલ મેલાવડો.** તા–૧૯–૩–૧૨

જૈન એજ્યુકેશન બોર્ડ તરફથી લેવાયલી પરીક્ષાના ઇનામ આપવાનો જનરલ મેલાવડો અત્રેના શેઠ પુરૂષોતમભાઇ ગૌતમના પ્રમુખપણા નીચે ભરવામાં આવ્યો હતો. પ્રમુખ સાહેબે સ્વહસ્તે ઇનામો વહેંચ્યા બાદ પોતાના ભાષણમાં જણાવ્યું કે સમગ્ર હિંદુસ્થાનના જૈન ધાર્મિક જ્ઞાનના ઉમેદવારો માટેની પરિક્ષામાં આ સંસ્થાના ૧૪) વિદ્યાર્થીઓએ રૂા. ૧૯૨)ની અને ૫) કન્યાઓએ રૂા. ૩૩)ની કુલ રૂા.૨૨૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેટલી મ્હોટી રકમ મેળવી છે, એ આ મહાન સંસ્થાના નેતાઓ અને તેના વિદ્યાર્થીઓની કાળજી, ઉચ્ચ અભ્યાસ અને પ્રતિદિન થતી ઉન્નતિ જણાવે છે.

પરીક્ષામાં ૨૨ વિદ્યાર્થીઓ બેઠેલા તે સર્વ પાસ થયા, અને તે પૈકી ૧૯ વિદ્યાર્થીઓએ ઇનામો મેળવ્યાં, એ બહુ ખુશી થયા જેવું છે, કોન્ફરન્સ બોર્ડ, શેઠ અમરચંદ તલકચંદ અને બાઇ રતનબાઇનો ઉપકાર માનવા ઉપરાંત મ્હેસાણા પાઠશાળાનું સંતોષકારક કામ વિગેરે અનેક મુદ્દા ઉપર જણાવ્યું હતું. મ્હેસાણા અને લીંચનાપધારેલા ગ્રહસ્થો આ સંસ્થાનું આવું ઉત્તમ કામ જોઇ બહુ સંતોષપામ્યા હતા.

જૈન કેળવણી ખાતાના નેતાએ પણ આ સંસ્થાનું ઉત્તમ કામ જોઇ ઇનામ ઉપરાંત સેંકડે ૨૦ ટકા આપવા જણાવ્યું હતું.


## જૈન પાઠશાળા—કન્યાશાળાઓને ખાસ લાભ.

**ઘણીજ થોડી નકલો છે!** **જલદી મંગાવો!**

# देवसिराइ प्रतिक्रमण.

### દરેક સૂત્રના સ્ફૂટ અર્થ સહિત.

અમારી સભા નીચે ચાલતી સામાયક શાળામાં આ સભાના મરહુમ પ્રમુખ વકીલ મૂળચંદ નથુભાઇએ વિદ્યાર્થીઓને જે જે અર્થની નોટ કરાવી હતી તે છપાવી બહાર પાડવામાં આવેલ છે. મૂળ શાસ્ત્રી અક્ષરે અને અર્થ ગુજરાતી સુંદર મોટા ટાઇપમાં છાપવામાં આવેલ છે. ઘણીજ થોડી નકલો બાકી છે.

પ્રથમથીજ જ્ઞાનનો બહુ ફેલાવો થવા સારૂ આ પુસ્તક પડતર કિંમતથી ઓછી કિંમતે કાંઇપણ નફા સિવાય વેચવામાં આવેલ છે. છુટક નકલ રૂા. ૦–૩–૦ પોસ્ટેજ ૦–૧–૦– એક આનો.

અને પાઠશાળા કન્યાશાળાને માટે તેમજ પ્રભાવના માટે માત્ર રૂા. ૦–૨–૦ ની કિંમતથી આપવામાં આવશે.

રોયલ સોળ પેજી પાનાના નવ ફારમની સુંદર બાઇન્ડીંગ સાથે. ઘણીજ થોડી નકલો બાકી છે. જલદી મંગાવો. પાઠશાળા કન્યાશાળામાં ખાસ ચલાવવા લાયક છે.

**શ્રી આત્માનંદ સભા ભાવનગર.**


For Private And Personal Use Only